૬૫૨૪

॥ श्री गणेशाय नमः ॥

છગનકૃત્યકાવ્ય.

સરવે હરીજનો વાસ્તે.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.

પટેલ. છગનલાલ હરજીવનદાસ.

રેહેવાસી.

મોજે બાવળા તાલુકે ધોળકા

જીલ્લે અમદાવાદના.

સંવત ૧૯૫૩—સને ૧૮૯૭

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

કીંમત ચાર આના.

અનુક્રમણીકા.

શુદ્ધી પત્રક.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૨૧	સંત.	ગુરૂ સંત.
૧૪	૧૦	તેનો	તેને.
૧૪	૧૩	બણીને.	ધણીને.
૨૦	૧૮	જીતીઆં.	જુતીઆં.
૨૬	૪	કાક.	કાકા.
૨૬	૧૭	ધરવો.	ધરીએ.
૩૯	૨	પ્રીત.	પ્રીતે.
૩૯	૨૨	કરેડપતીને.	કરોડપતીને.
૪૩	૯	તુંતો.	તું.
૪૮	૭	ઓળખવું.	ઓળખાવું.
૭૪	૭	છેગાળા.	છોગાળા.
૭૪	૧૧	દયળુ.	દયાળુ.
૭૭	૨	મતુ.	માતુ.
૭૮	૬	દાશ.	દોશ.
૮૦	૩	સતાપ	સંતાપ.

૬૫૨૪

॥श्री गणेशाय नमः॥

છગનકૃત કાવ્ય.

શ્રી ગણપતીની સ્તુતી.

(હે ચાંપરાજ હે ચાંપરાજ—એ રાગ).

પરથમ સમરૂં (૨) શ્રી ગણપતી નામ તમારૂં;
અતી આનંદે આપને, મુજ મુખથી હું ઉચ્ચારૂં. ૧
મંગળકારી (૨) છો ગૌરીપૂત્ર ગણેશ;
શુભ કામે સમરે સદા સૌ, સુરનર અને સુરેશ. ૨
તમ ગીત ગાય (૨) વિવા વાજનમાં લોક;
રાગ નામ ઉચ્ચારતાં તે, ઠામે પ્રગટે શોક. ૩
છે રૂડૂ નામ (૨) હે શીવસુત આનંદકારી;
રૂડૂ અનોપમ રૂપ છે, વળી છે ઉંદરની સ્વારી. ૪
મુખ કુંજરનું (૨) તે થકી તમે સુંઢાળા;
પેટ પુનમના ઈંદુ જેવું, દેખાવ છો દુંદાળા. ૫
કરમાં માળા (૨) કોટે તો ઉપવીત ધારી;
રિદ્ધસિદ્ધ ને સુદ્ધબુદ્ધ એ, તમોતણી છે નારી. ૬
છે મયુર ઉપર (૨) તમ બંધુ કાર્તીકસ્વામી;
પાય ગજાનન લાગુછું હું, મારૂં મૂસ્તક નામી. ૭

કૃપા કરીને (૨) આશા પૂરણ કરજો;
છગન કહે કરજોડીને, તમે સંકટ સર્વે હરજો. ૮

સરસ્વતીની સ્તુતી.

(પાટણના નૃપ નથી તુજ મેહેલે પદમણી નારી—એ રાગ).

સ્નેહે સમરૂં માત સારદા, શુભ વાણી આપો— ટેક.
તમારો મોટો છે મહીમાય,
વસો વાસો જેની જીભ્યાય,
જગતમાં જશ તેનો ઉચરાય, પ્રેમથી જે કર શીર થાપો. સ્નેહે. ૧
અનાદી કઇંકે કિધાં રાજ્ય,
એમનું નામ નથી કાંઇ આજ,
અમર છે અવનિમાં કવિરાજ, આપના તે સૌ પરતાપો. સ્નેહે. ૨
ખરી છે તમો વિનાની ખોડ,
તે માટે પુરો મનના કોડ,
કહેછે છગનદાસ કરજોડ, કુબુદ્ધી મારી સૌ કાપો. સ્નેહે. ૩

અંબાજીની સ્તુતી.

(ખુશરહો સનમજા મેરા બીધાતા બેલી—એ રાગ.)

અલબેલી અંબે આઇ, આરાસુર રાણી;
છો વિશ્વ વિશે વિખ્યાત, માત રૂદ્રાણી. એ. ટેક
તારો ત્રીલોકમાં છે વાસ, આદ્યશક્તી તું,
તુજ વિના ન હાલે હામ, અવીનાશી તું;

તારો કોઇ ન જાણે ભેદ, વદે વેદ વાણી,
છો વિશ્વ વિશે વિખ્યાત, માત રૂદ્રાણી. અલબેલી. ૧
જે વાર ભૂમીપર ભાર, થાયછે ત્યારે,
મા ધરોછો જુજવાં રૂપ, તમે તે વારે;
તું અનેક રૂપે એક, થઇ ઓળખાણી,
છો વિશ્વ વિશે વિખ્યાત, માત રૂદ્રાણી, અલબેલી. ૨
તેં મહીશાશુરને ધુમ્ર, લોચન ધંધોરયા,
વળી ચુંડ મુંડને, રકતબીજ પણ રોળયા;
મા ઘણા દૈત્યને હણ્યા, ભક્તભીડ જાણી,
છો વિશ્વ વિશે વિખ્યાત, માત રૂદ્રાણી. અલબેલી. ૩
મા ખડક ખપર કર ધરી, અરી સંહારી,
તું ઠરી ગોખગાં, કરી વાઘની સ્વારી;
તારી કીર્તી બેશ વિશેષ, બધે ફેલાણી,
છો વિશ્વ વિશે વિખ્યાત, માત રૂદ્રાણી. અલબેલી. ૪
તારે પારે બહુ નર નાર, આવે છે માજી,
તું અંતરજામી માત, કરે છે રાજી;
કહે છગન કરોને સ્હાય, દયા દિલ આણી,
છો વિશ્વ વિશે વિખ્યાત, માત રૂદ્રાણી. અલબેલી. ૫

સર્વે જનને સ્તુતી.

(લેલી લેલી પુકારૂં મેં બનમે—એ રાગ.)

અતી ઉમંગે ઇશ આરાધું, પાયે લાગુ સંત સાધુ;

તમે સાંભળજો જન સર્વે, વાણી વદુછું વિના ગર્વ. ૧
શીર નામુછું સ્નેહની સાથ, હેતે જોડુંછું તમને હાથ;
મને કાવ્ય ઉપર ઘણો પ્રેમ, માટે જોડુંછું આવડે તેમ. ૨
નથી ઝાઝું મારાથી ભણાણું, થોડુ વાંચતાં લખતાં જાણું;
નથી શીખ્યો હું વ્યાકરણ રજરે, નથી વ્યુત્પત્તિ ભાળી નજરે. ૩
નથી પીંગળ હું તો શીખેલો, નથી જ્ઞાન હું ઝાઝું મળેલો;
તેમ છતાં કરૂંછું આ કામ, મારા જીવને ગોઠ્યુંછે આમ. ૪
જીવ કાવ્ય કરી રાજી રાખું, તેતો તમારી આગળ દાખું,
તેમાં જે જે આવે મારી ભૂલ, તે તે સર્વે કરૂંછું કબુલ. ૫
વાંચી લેતાં તે આપ સુધારો, કોઇ દોશ ન દેશો મારો;
કહે છગન ફાવે તેવું કિધું, જેવું જ્ઞાન પ્રભૂએ દિધું. ૬

સધવા સ્ત્રીને શીખામણ.

(અલબેલી અંબેમાત જોવાને જઇએ—એ રાગ.)

આ શિક્ષા માનો મંન, સૌ સધવા નારી;
તો તમે થાશો પાવંન, હ્યો દિલમાં ધારી. એ ટેક.
પ્રાણથી પ્યારો પતી પ્રમાણો, પતી તેજ પરમેશ રે;
પતીની સેવા પ્રેમે કરવી, પાળો હુકમ હમેશ. સૌ સધ૰ ૧
નપુશક નિર્બળ રંક ને રોગી, વૃધ કુઢંગી ગમાર રે;
એવો સ્વામી હોય તથાપી, આણો અતિશે પ્યાર. સૌ સધ૰ ૨
પતી જમે તે પછીથી જમવું, ગુણ ગાવા દિનરાત રે;
પતી સુવે તે પછી પોઢવું, ઉઠવું પ્રથમ પ્રભાત. સૌ સધ૰ ૩

નામ પતીનું મૂખે ન લેવું, કરો નહીં અપમાન રે;
મારે તોપણ રાજી રેહેવું, રાખો ના અભીમાન. સૌ સધ૦ ૪
પતી પરદેશ ગયો હોય ત્યારે, સજવા નહીં શણગાર રે;
સુરજદેવનું સ્મરણ કરીને, વિનવીએ ભરથાર. સૌ સધ૦ ૫
ખાંડણિઓ સાંબેલું ઘંટી, ઉમરો ને સાવરણી રે;
તેના ઉપર કદી ન બેસો, દીલમાં દોષ ગણી. સૌ સધ૦ ૬
સ્તન ડુંટી ઘુંટી ને મૂખતે, જોઇએ ના દેખાવું રે;
ઉંચે સાદે નહીં બોલવું, નગ્ન થઈ ના ન્હાવું. સૌ સધ૦ ૭
દાંત દેખાડી હસવું નહીં ને, નિર્લજ વેણ ન વદીએ રે;
કામ વિના પરઘર પરપોળે, પગ ના દેવો કદીએ. સૌ સધ૦ ૮
મીઠું મરચું તેલ વીગેરે, હોય નહી ઘર માંય રે;
તો તે સ્વામીને સંભળાવા, મુખે ન કહીએ કાંય. સૌ સધ૦ ૯
રજસ્વાળાના ત્રણ દીવશનો, ધર્મ સાચવો દેહ રે;
ચોથે દહાડે સ્વચ્છ થઇને, કરો પતીશું સ્નેહ. સૌ સધ૦ ૧૦
સુખ દુખ જેવું હોય પતીને, તેવું પોતે ધરવું રે;
જે કૃત વ્રત ઉપવાસ કરો તે, પતીને પુછી કરવું સૌ સધ૦ ૧૧
દુર્મતી જનથી દુર રહીને, સુ સંગ સ્નેહે કરવો રે;
છગન કહેછે સાચું કહુછું, ધર્મ સદા આચરવો. સૌ સધ૦ ૧૨

વિધવા સ્ત્રીને શીખામણ.

(રાગ ઉપરનો.)

આ બ્રહ્મચર્યની રીત, સૌ વિધવા નારી;
પાળોને પ્રેમ સહીત, છે શિક્ષા સારી.—એ ટેક.

કામ ક્રોધ મદ લોભ હર્ષનો, તનથી કરવો ત્યાગ રે;
ત્યાગ કરો સંગત પુરૂશની, આણો મન વૈરાગ. સૌ વિધવા નારી. ૧
નૃત ગીત ગાયન ના કરવું, ન કહો કુડું કથંન રે;
વેશ પુરૂશનો ધરવો નહીં, કરો નહીં વ્યસંન. સૌ વિધવા નારી. ૨
પેહેરો ના પટકુળ કસુંબલ, જેમાં ઝાઝી ભાત રે;
પેહેરો ના પટ પોત વિનાનાં, જેથી જણાય જાત. સૌ વિધવા નારી. ૩
ઘી દુધ ગળપણુ તેજાનો જે, ખાધે થાય વિકાર રે,
ધાતુ વૃદ્ધી એ સર્વનો, ના બહુ કરવો અહાર. સૌ વિધવા નારી. ૪
પગ નખ દાંત ના રંગવાને, ના રાખો શીર વાળ રે;
મેંશ ચાંદલો વિગેરે સર્વે, ના સજવા શણગાર. સૌ વિધવા નારી. ૫
ગજરા ને વળી હાર પુષ્પના, અડાડવા નહીં તંન રે;
તજને પુષ્પની સુગંધ લેવી, તજો તેલ મર્દન. સૌ વિધવા નરી. ૬
દુખ વગર ના સુવું દિવસમાં, પોઢો નહીં પલંગે રે;
જવું નહીં પરઘેર ભટકવા, વિના કામ પ્રસંગે. સૌ વિધવા નારી. ૭
સંજોગી માણુસની વાતો, સાંભળવી નહીં કાન રે;
દર્પણમાં મુખડું ના જોવું, ના ચાવો મુખ પાન. સૌ વિધવા નારી. ૮
નિંધા કોઈની ના સાંભળવી, જવું ન એકલું બહાર રે;
એકાંતમાં પણ નગ્ન થઇને, નાહાવું ના કોઇ વાર. સૌ વિધવા નારી.૯
પશુ પંખીની ક્રીડા ન જોવી, જુઓ ન જન વંઠેલ રે;
જુઓ નહીં વિવા વાજીંત્ર, જોવા ન કાંઈ ખેલ સૌ વિધવા નારી. ૧૦
એક વખત દિવસમાં ખાઈને, લઈએ હરીનું નામ રે;
અપકીર્તી કદી થાય જગતમાં, એવું ન કરીએ કામ. સૈ વિધવા નારી૧૧
તીરથ વ્રત સતસંગ સદાયે, કરો ધરી ઉમંગ રે;

છગન કહેછે સાચું કહુંછું, કરો નહીં કુસંગ. સૌ વિધવા નારી. ૧૨

પરણેલા પુરૂશને શીખામણ.

(રાગ ઉપરનો.)

આ લેજો સૌ ઉપદેશ, પરણેલા પુરૂશો;
નિતીથી ચાલો હમેશ, ભવસાગર તરશો.—એ ટેક.
પરણેલી પત્નીના ઉપર, પૂરણ રાખો પ્યાર રે;
અર્ધઅંગ પોતાનું જાણી, દ્વેપ ન કરો લગાર. પરણેલા પુરૂશો. ૧
કાળી કુબડી ને અતી રોગી, ખોડી હોય ખચીત્ત રે;
એવી નારી હોય તથાપી, રાખો રૂડી પ્રીત. પરણેલા પુરૂશો. ૨
વંઝા આદી કારણ લીધે, બીજી નારી કરીએ રે;
પ્રથમની પરણેલી નારી, પછી નહીં પરહરીએ. પરણેલા પુરૂશો. ૩
માત પીતાને દુખ ના દેવું, નારીથી લપટાઇ રે;
અદબ રાખવી સૌ માણસની, કરવી નહીં લડાઇ. પરણેલા પુરૂશો. ૪
નારી ઉપર રીશ નવ રાખો, નારીવશ ના રહીએ રે;
સદાચરણ શીખવીએ તેને, છાની વાત ન કહીએ. પરણેલા પુરૂશો. ૫
ઇશ્વર કેરૂં જ્ઞાન બતાવો, સંપી રહો સદાય રે;
છગન કહેછે સાચું કહુંછું, આનંદ એથી થાય. પરણેલા પુરૂશો. ૬

સ્ત્રી વગરના પુરૂશને શીખામણ.

(રાગ ઉપરનો.)

આ સુણજો શિખ જરૂર, વણ વનિતાવાળા;

તે તમે ઉતારી ઊર, છોડી સૌ ચાળા. એ ટેક.
નરનારીનાં જોડાં જોઇને, થશો નહીં ઉદાસ રે;
પરણેલાને પિડા ઘણી છે, ધરજો મન વિશ્વાસ. વણ વનિ૦ ૧
સુખ તેમને સોય બરાબર, દુખ છે શૂળી સમાન રે;
દીકરા દીકરીની દુગ્ધામાં, થાય ઘણા હેરાન. વણ વનિ૦ ૨
પ્રીત ન કરશો પરપત્નીની, પ્રીતે ખોશો પત્ય રે;
પ્રીતીથી તો પાપ ઘણું છે, માની લેજો સત્ય. વણ વનિ૦ ૩
પરપત્ની નાની તે પુત્રી, મોટી જનુની જાણો રે,
આપ બરાબર ઉમરવાળી, તેને બેન પ્રમાણો. વણ વનિ૦ ૪
પરનારીની પ્રીત કરેથી, લખચોરાશી ફરશો રે;
નરકખાણ તે નારી લીધે, ભોગવવાને પડશો. વણ વનિ૦ ૫
સત સમાગમ સદાય કરજો, તજજો વિષયવિકાર રે;
છગન કહેછે સાચું કહુંછું, સફળ થશે અવતાર. વણ વનિ૦ ૬

પરનારીની પ્રીત ન કરવા વિશે.

(ઉત્તર ને દક્ષીણથી બાળો જોગીડો રે આવ્યો.—એ રાગ.)

કરશો ના કોઇ કાળે ભાઇઓ પરનારીની પ્રીતી;
પ્રીતીથી તો જુવો જેને હોય વિતીરે, તેથી તમે સમજો-
દીલમાં ડાહ્યા—એ ટેક.
પરનારીની પ્રીતીથી તો, સૂજે કાંઈ ના ધંધો;
સૂજે કાંઇ ના પરસ્ત્રી વિના અંધો રે. તેથી તમે૦ ૧
પરનારીની પ્રીતીથી તો, ભોજન પણ ના ભાવે;
ભોજન પણ ના ઉંઘે એને નહી આવે રે. તેથી તમે૦ ૨

પરનારીની પ્રીતીથી તો સુકાઈ જાશે કાયા;
શુકાઇ જાશે ને રહેશે નહીં માયા રે. તેથી તમે. ૩
પરનારીની પ્રીતીથી તો, નીંધા જગમાં થાશે;
નીંધા જગમાં ને વળી વીધા જાશે રે. તેથી તમે. ૪
પરનારીની પ્રીતીથી તો, ધર્મ નહીં રહેશે;
ધર્મ નહીં ને ઉલટું કર્મ બેસે રે. તેથી તમે. ૫
પરનારીની પ્રીતીથી તો, ચોર પ્રભૂના થાશો;
ચોર પ્રભૂના ને નર્ક તેથી જાશો રે. તેથી તમે. ૬
પરનારીની પ્રીતીથી તો, વેર થાશે વહાલામાં;
વેર થાશે ને વળી જીવ જશે એ કામામાં રે. તેથી તમે. ૬
પરનારીની પ્રીતીથી તો, છગંન કહે છેટે રહો;
છગંન કહે વળી સ્વપનામાં એ ના ચહો રે. તેથી તમે. ૮

કરપીને ધન કેવું તે વિશે.

(ઓધવજી સંદેશો કહેજો શામને—એ રાગ.)

કરપીને ધન સજનો મિથ્યા જાણવું,
તેતો છે એક માયાનો રખવાળજો;
ખાય નહીં ખરચે ના પુન્યને મારગે,
અંત સમે અમુઝાશે આવ્યે કાળજો. કરપીને ૧
મધતણી માંખીઓ મધપૂડો રચે,
આગળ ખાવા સંઘરીને નવ ખાયજો;
પાપીની સુરતાએ જ્યારે તે પડે,

ત્યારે પાડી પંથે વેહેતો થાયજો. કરપીને. ૨
કોળ જુઓને ખોદી ખોદી દર કરે,
રેહેવા સારૂં વેઠીને દુઃખ અંગજો;
પણ તેમાં તે રેહેવાને પામે નહીં,
આવી તેતો ભોગવે છે ભોરંગ જો. કરપીને. ૩
ગર્ધવ ગુણ ઉપાડી ચાલે અતિ ઘણું,
માંહી ભર્યો હોય ઘઉં વિગેરે માલ જો;
તેમાંથી એક દાણો ગર્ધવ ના મળે,
મળે તેને તો માર ને ઉપડે ખાલજો. કરપીને. ૪
તે માટે સૌ ગજા પ્રમાણે વાપરો,
અનાથની આંતરડી દે આશીશ જો;
પુન્ય વધે ને જગમાં જશ જામે ઘણો,
છગન કહેછે રાજી રહે જુગદીશજો. કરપીને. ૫

જીવતાં પૈસો હાથે વાપરવો તે વિશે.

(હરીભજન વિના દુખદરીઆ સંસારનો પાર ન આવે.—એ રાગ)

ધન માલમતા, અજ્ઞાનીને આપી જે જગનાથે;
નથી વાપરતા, પર્મારથમાં પાઇ પોતાને હાથે.—એ ટેક.
જ્યારે જમડા જીવ લેવા આવે, ત્યારે ધન તે સર્વંશ ઉડાવે;
તેથી શું સારૂં જીવતું કહાવે. ધન માલમતા૦ ૧
જ્યારે માત પીતા હોયે જીવતાં, ત્યારે ડરે નહીં દુખિયાં કરતાં;
શો લાભ મૂવે ખોબલા ભરતાં. ધન માલમતા૦ ૨

આખી ઉમર ઝાઝી હીંશા કરી, કૂડ કપટકેરી પોઠ ભરી;
અંતકાળે શું થાય જપેથી હરી. ધન માલમતા૦ ૩
જુઓ બાવો બની ના તજી નારી, રાખી મોહમાયા મુમતા ભારી;
શું થયું તીલક માળા ધારી. ધન માલમતા૦ ૪
કહે છગન સહુ ચેતી જાશો, જીવતાં જર હાથે વાપરશો;
તે પુન્ય થકી સુખિયા થાશો. ધન માલમતા. ૫

દેવાદારના દુઃખ વિશે.

(દ્વારકાંના વાશીરે અવસરે આવજો રે—એ રાગ)

દુખીઓ દુનીઆમાં રે, દેવાદાર જાણવો રે,
ન આવે તેના, દુઃખતણો કાંઇ પાર;
ઉંઘ નવ આવે રે, ચિત્તમાં ચિંત્યા ઘણી રે,
મૂખ ઉપર, તેજી ના મળે રે લગાર. દુખીઓ. ૧
દેવું છુટવાને રે, ધરધંધા ઘણા કરે રે,
પગ વાળી, બેસે નહીં કોઇ દિન;
ખાવાને તો ખોખાં રે, પેટ પુર મળે નહીં રે,
ફાટે તૂટે લુગડે ઢાંકે તંન. દુખીઓ. ૨
જુવાનીનું જોર રે, જણાતું કદી નથી રે,
દિન દિન પ્રત્યે, શરીર સૂકાઇ જાય;
સાંધે સાંધા દુખે રે, હાડકાં નરમ થતાં રે,
કાયામાં તો. કળતર ઝાઝું થાય. દુખીઓ. ૩
વીવેક વિચાર રે, વાતને જાણે નહીં રે,

ન જાંણે કાંઇ, જ્ઞાન ધ્યાનની રીત;
વિષયના ભોગ રે, લાજ મરજાદ નહીં રે,
ન જાણે કાંઇ, તીરથ વ્રત ગુણ ગીત. દુખીઓ. ૪
સુખીઆં તેનાથી રે, પશુ પંખી જાણવાં રે,
સુખે સૂવે, રાતમાં નહીં ઉચાટ;
પણ તેને હેવું રે દેહને દહન કરે રે,
તેથી કરી, ઘડે ઘણા ઘણા ઘાટ. દુખીઓ.
આવા દુખીઆને રે, દુઃખ દેઇ ઘણું રે,
લેશે તેના, તનતણો જે ત્રાસ;
જગન તો કેહેછે રે, સત્ય સહુ માનજો રે,
તેનો થશે, નીશ્ચય નરકમાં વાસ. દુખીઓ. ૬

સ્વારથ વિશે પદ.

(જાયછે જગત ચાલ્યું રે ઓ જીવ જોને. એરાગ)

સ્વારથનું સૌ સ્નેહી રે સંસારમાં છે.—એ ટેક.
સ્વારથનુ સૌ સ્નેહી, દુઃખી જો દેખે તે દેહી;
નાશી જશે નર સ્નેહી રે. સંસારમાં છે. ૧
કામ પડે કાકા કેહેતો, આવશે આધીન રેહેતો;
ગણશે નહી ગાળો દેતો રે. સંસારમાં છે. ૨
ગરજુ જો જાંણે ઝાંપે, બોલાવી બેઠક આપે;
સુડીથી સોપારી કાપે રે. સંસારમાં છે. ૩
ખપથી ખાંતે વખાણી, કરી નાંખે પાણી પાણી;

વદીને મધુરી વાણી રે. સંસારમાં છે. ૪
ભાઇ ભાંડુંને જે ભગ્ની, લાલચથી રાખે લગની;
એવી છે આ રીત જગની રે. સંસારમાં છે. ૫
નિઃશ કેવળ નર નથી, સોમાં વધારે એકથી;
છગન કહે છે કથી રે. સંસારમાં છે ૬

ગરીબ વિશે. ચાબખો. ૧

જેને જગત વિશે નથી દામ રે, તેનો ઉદાસ આઠે જામ. એ ટેક.
સંસાર સંબંધી ફીકરનો થાય, અંતરમાં અતીશે ધામ;
બળતો બળદના જેટલું હોય પણ, હૈયામાં ન મળે હામ રે. જેને. ૧
કાકો તે જેનો થાય પણ તેતો, બોલાવે દઇને નામ;
પાંચ માણસમાં હોય તો બતાવે, હોકો ભરવાનું કામ રે. જેને. ૨
આફ્ત વેળા આવી પડે ત્યારે, છેટે સગું રહે તમામ;
કામતો કોઇએ કાઢેજ શેનું, વાતનો નહીં વિશ્રામ રે. જેને. ૩
ડાહ્યાપણામાં ખામી ન હોય પણ, કરી કહાડે ગુલામ;
છગન કહેછે સાચું કહુંછું, એ નરને નહીં સુખ ધામ રે. જેને. ૪

પૈસાદાર વિશે. ચાબખો. ૨

જેને પૈસાનું બળ ભારી રે, તેને વશ વરતે નરનારી. એ ટેક.
શરમથી સર્વે કામ થાય તેનાં, અણચીંતવ્યાં તૈયારી;
કૂરીતના તે કજીઆ કરે પણ, લોક કહે લાભકારી રે. જેને. ૧
કોઇનું કદીએ કામ નવ કાઢે ને, કરે તેની સૌ યારી;
પરપનીતાઓ વાહાલી થવાને, ઇચ્છે છે રમવા જારી રે. જેને. ૨

એક પૈસાનું ઘેર ખર્ચ ના માંડે, જાય બીજે નીરધારી;
મેમાન મિજમાન લઇ મોજું કરેછે, ગરીબને ગદડી મારી રે. જેને. ૩
અક્કલનો એક છાંટો ન હોય પણ, ભાઇ ભાઇ કહે જગ સારી;
છગન કહેછે સાચું કહુંછું, એ પૈસાની બલીહારી રે. જેને. ૪

નઠારી સ્ત્રી વિશે. ચાબખો. ૩

જેને નારી મળી નઠારી રે, તેને દુખ દુનીઆમાં દા'ડી. એ ટેક.
ઘરના ખુણાની વાત કાંઇ હોય તે, બહાર જઇ કરે ઉઘાડી;
વગોણું તેથી થાય પોતાના ઘરનું, ન જુએ બુદ્ધીની જાડી રે. જેને ૧
મેમાન પરૂણો કોઇ આવે તે વારે, બહુ બહુ બોલે લબાડી;
ઘરખુણે તેનો શીખામણ દે પણ, તેમ તેમ ચાલે આડી રે જેને ૨
ફોડે ઢોળે ને કરે કામ બડબડતી, ટુંકારા કરતી અન્યાડી;
રીસ કરીને કદી ધણી મારે તો, રૂવે છે રાગડા કાહાડી રે. જેને. ૩
ગામમાં આબરૂ ઓછી કરાવે, બણીને હલકો પાડી;
છગન કહેછે સાચું કહુંછું, એ નારી તો દુખની ઝાડી રે. જેને. ૪

સારી સ્ત્રી વિશે. ચાબખો. ૪

જેને મળી સુકુળની નાર રે, તેને સુખ છે અપરંપાર. એ ટેક.
આજ્ઞા પતીની તે પાળે હમેશાં, વધારે ઘરનો ભાર;
સુખ દુખ ઘરમાં હોય પણ તેનો, વદે ન મુખથી બહાર રે. જેને. ૧
સારો કે નરતો પતી હોય પણ તે, ગણે પ્રભૂનો અવતાર;
સદાકાળ સ્વામીની સેવા ઉઠાવે, આણી અતીશે પ્યાર રે. જેને. ૨
રૂડી રસોઇ કરી પતીને જમાડી, પોતે કરે પછી અહાર;

ઉચે સાદે કદી મુખથી ન બોલે, પાળે રૂડો આચાર રે. જોને. ૩
પતીવ્રતા ધર્મ પોતે હમેશાં, પાળે ખાંડાની ધાર;
છગન કહેછે સાચું કહુછું, એ નારી તો સુખ દેનાર રે. જોને. ૪

નવ કરીએરે નેડો નવ કરીએ.—એ રાગ.

આરાશુરી રે અંબા આરાશુરી, અલબેલી મા—
સાચી રે અંબા આરાશુરી. એ ટેક.
ગરીબજનને મા તેં, ગૃહસ્થ બનાવ્યા;
ખાવા ના મળતા કરતાં મજુરી, અલબેલી મા. ૧
મુંગા માણસનાં મા તેં, માન વધાર્યાં;
વાણી રે આપી તમે મધુરી, અલબેલી મા. ૨
આંધળાને મા તેં તો, આંખો રે આપી;
મુરખજનને આપી ચાતૂરી. અલબેલી મા. ૩
રોગીઆં દુખીઆંનાં મા, દુખ તેં કાપ્યાં;
વાંઝીઆની તો તમે, આશા પુરી. અલબેલી મા. ૪
જાણે અજાણે મા જો, અપરાધ થાય તો;
મારા ઉપર નવ કરશો ધુરી. અલબેલી મા૦ ૫
કામને કાજ લાજ, મરજાદ તજીને;
આવ્યો છું આપની હજુરી, અલબેલી મા૦ ૬
દાસ છગન કહે, આશા તમારી;
કાંઇ ન જોશો મારી ભલી બુરી. અલબેલી મા૦ ૭

માહુરાજા રે, માહુરાજા—એ રાગનાં ૪

પદ ૧.

બલિહારી રે, બલિહારી, વારીજાઉં અંબે મા હું, બલીહારી. એ ટેક.
ઉગમણા રે માજી, ગોખે બીરાજ્યાં;
શોભા મંડપની બહુ સારી, વારી જાઉં૦ ૧
અંગે આભુષણ, શોભે અતીશે;
વાઘના ઉપર કિધી સ્વારી. વારી જાઉં૦ ૨
ચતુર્ભુજી મૈયા, મુર્તી શુશોભીત;
ખડક ત્રીશુળ ફરશી ધારી. વારી જાઉં૦ ૩
દાસ છગન કહે, બેઉ કર જોડી;
દર્શન દેજો દા'ડી મૈયા મારી. વારી જાઉં૦ ૪

પદ ૨.

સુખ આપો રે, સુખ આપો, મને અંબે માજી મહા, સુખ આપો. એ ટેક.
સદા સેવકની તો, સહાય કરોછો;
ટાળો છો સૌના સંતાપો. મને અંબે માજી. ૧
દુષ્ટ દૈત્યોનો અંત, આપે રે આણ્યો;
વેદ પુરાણ વિશે તેની છાપો, મને અંબે માજી. ૨
મા મારી મરજી, સાચવો નહીં તો;
કોને કહીશ મારા વિલાપો, મને અંબે માજી. ૩
દાસ છગન કહે, બેઉ કર જોડી;
ભવોભવનું ભારે કષ્ટ કાપો. મને અંબે માજી. ૪

પદ. ૩

અલબેલી રે, અલબેલી, મને પ્યારૂ છે નામ, તારૂં અલબેલી.—એ ટેક.
તુજ નામ વિના નથી, દામ કયાંય દાલો,
જ્યાં જોઇએ ત્યાં તું વ્યાપેલી. મને પ્યારૂં છે. ૧
વિશ્નું વિરંચીને, શંકર એ સૌથી,
અખિલ બ્રહ્માંડમાં છું પેહેલી. મને પ્યારૂં છે. ૨
આધશક્તિ આઈ, તમને આરાધું;
ડાબે બાજું શીદ થઇ મેલી. મને પ્યારૂં છે. ૩
દાસ છગન કહે, બેઉં કર જોડી;
ભક્તી કરૂંછું હું કાલી ઘેલી, મને પ્યારૂં છે. ૪

પદ ૪.

લે' લાગી રે, લે' લાગી, મને અંબે માજી તારી, લે' લાગી.—એ ટેક.
અંતરમાં આઠ પોહોર, આરાધું તમને;
કામકાજ લાજ સર્વે ત્યાગી. મને અંબે માજી. ૧
સગાં સંબંધી મારાં, તમે છો સાચાં;
જગતજનેતા મેં જોયું જાગી. મને અંબે માજી. ૨
ભવસાગરથી, મુંને મા તારજો;
જન્મ મરણનો ભય ભાગી. મને અંબે માજી. ૩
દાસ છગન કહે, બેઉ કર જોડી;
ભક્તી ભવાની તારી લેઉં માગી. મને અંબે માજી. ૪

કેફ નહીં કરવા વિશે.

(દક્ષીણી રાહની લાવણીનો રાગ)

કેફ નવ કરો, મારૂં વચન માની રે; તેમાં સાર, નથી લગાર,
કરો વિચાર, દિલમાં યાર, વાત નથી છાની રે. કેફ નવ કરો. ૧
દુખી તેહથી, દેહ તો થવાની રે; તન સુકાય, કંમર પાય,
પીડા થાય, નવ જણાય, તેહની જુવાનીરે. કેફ નવ૦ ૨
પતીત ના કરે, તો વાત શી આશાની રે; તુટે ટેક, જાય વિવેક,
દોષ અનેક, આળસ છેક, અંગમાં રેહેવાની રે. કેફ નવ૦ ૩
ભાન ના રહે, રાત દાહાડાની રે; સુજે ન કામ, બોળે નામ,
ન રહે દામ, ફના મુકામ, પુંજી જે પિતાની રે. કેફ નવ૦ ૪
તેથી સૌ તમે, ડાહ્યા દિલજાની રે; કહે છગંન, થઇ પ્રસંન,
રાખો અંન, એજ વ્યસંન, છુટી છે સદાની રે. કેફ નવ૦ ૫

ન બોલના મહારાજ—એ રાગ.

સમરો સરજનહાર, પ્રાણી સમરો સરજનહાર,
આતો ખોટો છે સંસાર, પ્રાણી સમરો સરજનહાર.—એ ટેક.
એવા સંસારમાં શું હેત કરવું, બેશીકરા થઇને શું ફરવું;
પીંપળપાન નથી ખરવું, એવો કાયાનો નીરધાર. પ્રાણી૦ ૧
કાયા તમારી કેવી છે સુંદર, જણાય છે જોવામાં મનોહર;
મળમૂતર છે અંદર, તેનો ના કરીએ અહંકાર. પ્રાણી૦ ૨
અહંકાર ના કરશો હે સુખ ભોગી, દુઃખ ના ધરશો દુખિયા રોગી;
દેહ રાખો આરોગી, ઇશ્વિર આપે જે જવ જાર. પ્રાણી૦ ૩

જરા જાર ખાઇને હરી ભજાશે, ધન ઢગલાથી શું જોર થાશે;
જીવને જમ લઈ જાશે, પછી તે રાખતણા અંબાર. પ્રાણી૦ ૪
કહે છગન હે જીવ બડભાગી, હરી ભજોને ભ્રમણા ત્યાગી;
મળશે નહીં આ માગી, મનુષ્યાદેહ તો વારંવાર. પ્રાણી૦ ૫

નોકરી કઠણ સીંધવાકી—એ રાગ.

સજ્જન સૌ, સમજીને ચાલોરે, સજ્જન સૌ, સમજીને ચાલો;
મીથ્યા માયા છોડી દઇને, તત્વ વસ્તુ ઝાલો. ૧
ખરૂં એક, રામનામ સાચું રે, ખરૂં એક, રામનામ સાચું;
તન ધન દારા પૂત્ર વિગેરે, સર્વે સુખ કાચું. ૨
ઝાકળનું, જેવું છે પાણી રે, ઝાકળનું જેવું છે પાણી;
તાપ નીકળે, ટકે નહીં, સુખ એવું લ્યો જાણી. ૩
માટે ના, લપટાશો યારો રે, માટે ના લપટાશો યારો;
જન્મ મરણ દુઃખ ગર્ભાવાશનો, આવે જો આરો. ૪
તેથી સૌ, સતસંગત કરજો રે, તેથી સૌ સતસંગત કરજો;
નીચસંગ ને કૂડ કપટથી, છગન કહે ડરજો. ૫

મુજે છોડ ચલા બનઝારા.—એ રાગ.

છે રામ નામે ઉદ્ધાર, જીવ મૂરખ તુંરે વિચાર.——એ ટેક.
તું માના ઉદરમાંહી, કષ્ટ પામ્યો ઘણુંરે ત્યાંહી;
કોલ કરી તું આવ્યો બાહાર. જીવ મૂરખ તુંરે. ૧
બાળાપણુ ખેલમાં ગયું, તેમાં હરીભજન ના થયું;

જોબન જાતાં નહી લાગે વાર. જીવ મૂરખ તુંરે. ૨
તું તો ઘર ધંધામાં ધાયો, જર જુઠું બોલીને કમાયો;
કુડ કપટ કિધાં અપાર. જીવ મૂરખ તુંરે. ૩
જેવું ઝાંઝવા કેરૂં નીર, એવું જાણજે આ શરીર;
માટે મૂકી દેને અહંકાર. જીવ મૂરખ તુંરે. ૪
સગાં સંસારમાં છે જેહ, અંતે અળગાં રેહેશે તેહ;
નહીં છોડાવે જમના માર. જીવ મૂરખ તુંરે. ૫
મળ્યો માણસનો દેહ અમુલ્ય, કર્યો પથર કેરે તુલ્ય;
નવ જાણ્યો ઉત્તમ અવતાર. જીવ મૂરખ તુંરે. ૬
કોઇ અમર નથી રેહેવાનું, વેહેલું મોડું સર્વે જાવાનું;
નામ માત્રનો નાશ થનાર. જીવ મૂરખ તુંરે. ૭
કહે છગન સત્યજ ભાખે, હરીભક્તી રૂદેમાં રાખે;
તેને મળે જુગદાધાર. જીવ મૂરખ તુંરે. ૮

હાય વોયરે પાનીને ગમકા મચાયા એ રાગ.

હાય કેમ આ, સેહેશે ગુનો રે ગોવીંદા, સેહેશે ગુનો રે ગોવીંધા—
તને પ્યારાં છે પાપ પરનીંધા રે. હાય કેમ આ—એ ટેક.
મીથ્યા લવરી સારી તને લાગે, રામ કહેતાં કાંટા જીભે વાગે,
તારી જુભલડી જીતીઆં માગે રે; હાય કેમ આ. ૧
તારાં નેત્ર પરનારી નીહાળી, તુર્ત દાનત કરાવે છે કાળી,
નીચું ઘાલે છે સંતજનો ભાળી રે; હાય કેમ આ. ૨
વૃથા વાતો જગતની સાંભળતો, તુંતો ઘેર ઘેર રહેછે ફરતો,

હરીકથા કાને નથી ધરતો રે; હાય કેમ આ. ૩
ચરણ હીંશા કરવામાં દોડાવે, પરમારથે ના પગલું ભરાવે,
દેવ દર્શન કરવા ન આઘો આવે રે; હાય કેમ આ. ૪
ખોટી લડાઇમાં કામ હાથે કિધું, પુન્ય ખાતે ન હાથે કાંઇ દીધું,
ઉલટું બીજાનું ચોરી કરી લીધું રે; હાય કેમ આ. ૫
કહે છગન કુચાલ છોડી ઘોને, જગકર્ત્તાનું સ્મરણ કરોને,
સંત સાધુઓની શિક્ષા લ્યોને રે; હાય કેમ આ. ૬

અચાનક આશો કોપ કિધો કિરતાર.-એ રાગ.

અરરર પ્રાણી આશો કોપ તેં કર્યો,
શુભ માર્ગ મૂકી નર્ક વાટે સંચર્યો. અરરર. ૧
પશુ પંખીની યોનીમાં સુખી ના થયો,
મનુષ્યાદેહ પામી દુખ વીસરી ગયો. અરરર. ૨
ગર્ભવાસમાં તું કોલ કરી નીકળ્યો,
તે વખતનું વેણ એક આવી ના પળ્યો. અરરર. ૩
જુવાનીના જોરથી તેં કિધાં કુડાં કામ,
કુંશભેર પાપ કર્યાં હૈયે રાખી હામ. અરરર. ૪
કૂડ ને કપટ કેરો રાખ્યો નહીં પાર,
રંકને દૂભાવી ભર્યા ધનથી ભંડાર. અરરર. ૫
દૂષ્ટોનો તેં સંગ કરી નિંધા સાધુ સંત,
છગન કહે છે તારી ભુંડી વલે અંત. અરરર. ૬

કુંગનવા મોરા કરસેં સરક ગયો રે.—એ રાગ.

કાળે તો કદી કોઇને ના મૂકયા પ્રાણી રે.--એ ટેક.

જો હતા તારા વડડીલા રે, તેં ખાધા હશે લાડુવા રે;
તે સર્વે ચાલી ગયા, તેમાંથી કોઇ ના રહ્યા;
તુજ જાણીતા મેં કહ્યા, થયા ધૂળધાણી રે. કાળે તો કદી. ૧

છે તેમજ શીર તારે રે, ઝપટ કાળ મારે રે;
દિવશમાં ત્રણ વાર, બપોરે સાંજ સવાર,
આયુશનો આવ્યે પાર, ધાર લેશે તાણી રે. કાળે તો કદી. ૨

તે લાંચ નથી લેતો રે, રૂપીઆ કોડ કેહેતો રે;
નહીં સાચો તેની તોલ, લઇ જાશે મારી ઘોલ,
ફાવેનો તેનું છોલ, બોલ, મીઠી વાણી રે. કાળે તો કદી. ૩

કદી ડુંગર ઉપર ચઢશો રે, કે પાતાળે ઉતરશો રે;
કિંવા ઝાડીમાં સંતાવ, કે અંધકારમાં જાવ,
કયાંય નથી તુજ બચાવ, જાત, સીંધ્યું પાણી રે કાળે તો કદી. ૪

ના ગણે કોઇને કાળ રે, કે જુવાન બુઢ્ઢા બાળ રે;
સઇ સોની શેઠ ભુપતી, જોશી ફોશી ને મુઢ્ઢમતી,
નવગણે શંખણી સતી, જતી, દાસી રાણી રે. કાળે તો કદી. ૫

તે માટે સર્વે સમજો રે, પ્રીતેથી પ્રભૂ ભજો રે;
આ મનુષ્યનો અવતાર, નહીં આવે વારમવાર,
છગન કહે સંસાર, યાર, જુઠ્ઠો જાણી રે. કાળે તો કદી. ૬

સાંભળું શા બોલો તમારા રાણી.—એ રગ.

જાય છે જગ ચાલ્યું અભાગી પ્રાણી (૨)

ચાલ્યું અભાગી પ્રાણી, ચાલ્યું અભાગી પ્રાણી;
જાય છે જગ ચાલ્યું અભાગી પ્રાણી.— એ ટેક.

જતા રહ્યા જોને તારાથી છોટા,
જતા રહ્યા તારા હતા જે જોટા;
મરી ગયા ઘણા તારાથી મોટા,
છોટા, જોટા, મોટા અભાગી પ્રાણી. જાયછે૦ ૧

જતા રહ્યા જોને રંકને રાજા,
રહ્યા નહીં જોને દુર્બળ તાજા;
જતા રહ્યા ઘણા અહંકારી ઝાઝા,
રાજા, તાજા, ઝાઝા અભાગી પ્રાણી. જાયછે૦ ૨

એ ગયા છે તેમ જવાનું તારે,
માથા ઉપર કાળ ફેરા મારે;
ઉગરવાની ના આશા ધારે,
તારે, મારે, ધારે અભાગી પ્રાણી. જાયછે૦ ૩

સંસારસુખ તને લાગે છે સારૂં,
સુત વિત દારા સ્નેહી જે તારૂં;
તારૂં નથી ને તું માનેછે મારૂં,
સારૂં, તારૂં, મારૂં અભાગી પ્રાણી. જાયછે૦ ૪

ઇશ્વરનો છે કાયદો એવો,
જવું ત્યારે પણ જન્મે તેવો;
ખોટો પૈસો સાથે ના લેવો,
એવો, તેવો, લેવો અભાગી પ્રાણી. જાય છે. ૫

માટે જગત સહુ જાણજે કાચું,

જમડા આવીને ભાગશે ડાચું;
કહે છગન પ્રભૂ નામ છે સાચું,
કાચું, ડાચું, સાચું અભાગી પ્રાણી. જાય છે. ૬

સોરઠી ગજલનો—રાગ.

દીનાનાથ હાથ જોડી કહું, કૃપાનાથ કૃપા કરો તમે.—એ ટેક.
રૂડી મનુષ્યાદેહ અવતારમાં, મેં તો પ્રીત કિધી સંસારમાં;
ગુંચાયો હું જુઠા વેહેવારમાં, તેથી ભુલ્યો આપને આ સમે. દી૦ ૧
મને શી રીતે શીરસ્તો જડે, મોહ માયાને મૂમતા વડે;
કામ ક્રોધ લોભ ઈરિશા નડે, દીન રાત મારી પુંઠે ભમે. દી૦ ૨
નથી દાન ધ્યાન દયા વશી, નથી કથા કાને સુંણી કશી;
નથી સત્યવ્રત એકાદશી, ભૂખ દૂખે ના કરવી ગમે. દી૦ ૩
કાચી કાયા તેતો માની ખરી, નવ જોયું મેં તો જાગી જરી;
છે અમાપ પાપ કિધાં હરી, શું ગણાવું તમને અનુક્રમે. દી૦ ૪
અવિનાશી અર્જ છે આપને, ભવપાર ઉતારશો મને;
છે આશ છગનદાસને, તુજ વીશે મંન મારૂં રમે. દી૦ ૫

શ્રી જગતપતી, પ્રભુ આપ સન્મતી—એ રાગ.

શ્રી રઘુપતી, હું દુષ્ટછું અતી;
તથાપી મારી આપી મારી, કરજો સદગતી.— એટેક.
અજામેલ જે પુરણ પાપી, દયા નહીં તલભાર,
પુત્ર નામ નારાયણ કેહેતાં, આપ્યો છે ઉદ્ધાર. શ્રી રઘુપતી. ૧

સ્તનપર વિશ દઇ પુતનાએ, કરાવ્યું પયપાન;
તોય દયા તે ઉપર લાવી, મોક્ષ કર્યો ભગવાન. શ્રી રઘુપતી. ૨
હરી ગયો સીતાને રાવણ, કિધું અઘટીત કામ;
તોપણ તેને કૃપા કરીને, આપ્યો વૈકુંઠધામ. શ્રી રઘુપતી. ૩
હણુતો હરીનું નામ ઉચરતાં, પ્રહ્લાદજીનો બાપ;
છગન કહેછે એવા દુષ્ટો, તાર્યા છે અમાપ. શ્રી રઘુપતી. ૪

પદ. ૨

(રાગ ઉપરનો.)

સમર શ્રી હરી, સત સંગ તું કરી:
એ સદૈવ જીવ ટેક રાખજે ખરી.—એ ટેક.
દયા દીનતા દિલમાં રાખી, દાહાડી રળજે દામ;
વાપરજે વીશ્વંભરઅર્થે, કર પરમારથ કામ. સમર શ્રી હરી. ૧
પરનીંધા પરપંચ તજીને, પરધન ગણ પાશાણ;
પરનારી તે માત બરાબર, એવું મનથી જાણ. સમર શ્રી હરી. ૨
વહાલાં વેરી સરખાં જાણી, પરદુખ દિલમાં ધાર;
જુઠું વચન વદવું નહીં મુખે, સત્ય વચન ઉચ્ચાર. સમર શ્રી હરી. ૩
માત પિતાની સેવા કરવી, જવું દેવ દરસન;
છગન કહે છે ભવ તરવાનાં, એ છે સૌ સાધન. સમર શ્રી હરી ૪

મહીટયો, મહીટયો, કાના—એ રાગ.

ભજીલ્યો, ભજીલ્યો, રામા; ભજીલ્યો, ભજીલ્યો, રામા.—એ ટેક.

રામા રામા રટો રામ જીભેથી, તેતો રામ સદા સુખધામા. ભજીલ્યો. ૧
આ અવસર નહીં આવે ફરીને, સમરો સાચા ઘનસ્યામા. ભ. ૨
મનુષ્યાદેહ મણી મોંઘો મળ્યો છે, ખોશો ભમી ભૂલા ભામા. ભ. ૩
માતપીતા ભાઇ ભગની છે કોના, કોના કાક ને કોના મામા. ભ. ૪
પરનીંધા જુઠ્ઠ ચોરી છીનાળી, એવા ન કરશો કદિ કામા. ભ. ૫
દાસ છગન કહે રાખો રૂદેમાં, તુંહી તુંહી રામ નામા. ભ ૬

સાચી સમજણ બુદ્ધીને ખોટી રે લાગે—એ રાગ.

માનો શીખામણ મારી, તમને જો ભાવે;
ભાવે તો જ્ઞાનઘટમાં આવે, હો માનવી. માનો શીખામણ. ૧
રંકના ઉપર કદીએ, રીસ નવ કરીએ;
દુખી દેખીને દયા ધરીએ, હો માનવી. માનો શીખામણ. ૨
પરનારી યારી તે તો, ચિત્તમાં ના ચાહાશો;
ચાહાશો તો ખત્તા ઘણા ખાશો, હો માનવી. માનો શીખામણ. ૩
ઉદરને માટે એક, ધંધો આદરવો;
તેમાં પડપંચને પરહરવો, હો માનવી. માનો શીખામણ. ૪
ઉધમ કરતાં તમને, આવ્યું જે હરીએ;
તેથી સંતોષ મનમાં ધરવો, હો માનવી. માનો શીખામણ. ૫
સુખ આવે તો તેથી, છકી ના જઇએ;
દુખમાં ના દીલગીર થઇએ, હો માનવી. માનો શીખામણ. ૬
પૈસો જો પાસે હોય તો, પરમારથ કરવું;
ના હોય તો દુઃખ નહીં ધરવું, હો માનવી. માનો શીખામણ. ૭

કંકાસ કરવો નહીં, કોઇની સંગાથે;
પ્રાણ ના તજશો પોતા હાથે, હો માનવી. માનો શીખામણ. ૮
ચાલો મા બાપ કેરી, આજ્ઞામાં નિત્યે;
સેવા બજાવો સારી રીતે, હો માનવી. માનો શીખામણ. ૯
કરશો માં ચોરી ચાડી, પાપ પરનીંદા;
નિતી પાળો ટાળો અવિદ્યા, હો માનવી. માનો શીખામણ. ૧૦
સર્વેનો સંગ છોડી, સતસંગ કરજો;
ભક્તી હરીની ઉરે ધરજો, હો માનવી. માનો શીખામણ. ૧૧
છગન કહેછે જો આ, પ્રીતેથી કરશો;
તેથી સંસારસાગર તરશો, હો માનવી. માનો શીખામણ. ૧૨

અંતકાળની ઈશ્વરને કરવાની અરજ

(રાગ વણઝારાનો.)

સરજનહાર સંસારના, બહુ નામી રે,
તમે સાંભળો મારી દાદ; અંતરજામી રે. ટેક
દયા રે કરી દિનાનાથજી, બહુ નામી રે,
સદા રેહેજો હૃદયમાં યાદ. અંતરજામી રે. ૧
ખલકતણા ખાવીંદ છો, બહુ નામી રે,
છો ભક્તતણા પ્રતીપાળ; અંતરજામી રે;
માગુંછું મુખથી એટલું, બહુ નામી રે,
થજો સાહાય મુંને અંતકાળ. અંતરજામી રે. ૨
મગર મૂખથી મૂકાવીયો, બહુ નામી રે,

જળ માંહી ડૂબ્યો ગજરાજ; અંતરજામી રે;
દુર્યોધનની સભા વિશે, બહુ નામી રે,
રાખી દ્રૌપદી સતીની લાજ: અંતરજામી રે. ૩
અજામેળ અતી દૂષ્ટને, બહુ નામી રે,
મોક્ષ આપ્યો પૂત્રને નામ; અંતરજામી રે;
શે ન ભગત કેરે કારણે, બહુ નામી રે,
આપોઆપ બન્યાછો હજામ. અંતરજામી રે. ૪
ધ્રુવને અવીચળ થાપીઓ, બહુ નામી રે,
અંબરીષનો નિવાર્યો ત્રાશ; અંતરજામી રે,
સુદામા સાથે ભેટીયા, બહુ નામી રે,
કિધા રત્નજડીત્ર અવાસ. અંતરજામી રે. ૫
સાહાય સૂધનવાની કરી, બહુ નામી રે,
કિધી સહ્યાની અહલ્યા નારે; અંતરજામી રે;
કોડ કુંવરબાઇના પુર્યા, બહુ નામી રે,
નરસૈયાને આપ્યો હાર. અંતરજામી રે. ૬
પ્રહ્લાદને ઉગારીયો, બહુ નામી રે,
નામ દેવની છાપરી છાય; અંતરજામી રે;
ઝેર પીધાં મીરાંબાઇનાં, બહુ નામી રે,
ધનાભગતની ખેતી નિપાઇ. અંતરજામી રે. ૭
બળતા નિભામાં આવેલાં, બહુ નામી રે,
રાખ્યાં મંઝારી કેરાં બાળ; અંતરજામી રે;
રાખ્યાં ઇંડાં ટીટોડીનાં, બહુ નામી રે,
ગજ ઘંટ નાંખી તતકાળ. અંતરજામી રે. ૮

વિરંચી વચ્છ હરી ગયો, બહુ નામી રે,
કિધાં નવાં વચ્છ ગોવાળ; અંતરજામી રે;
કાળી નાગ તમે નાથીઓ, બહુ નામી રે,
ઘણા દૈત્યનો આણ્યો કાળ. અંતરજામી રે. ૯
ચંદન કુબજાનું લીધું, બહુ નામી રે,
કિધું તેનું શુદ્ધ શરીર; અંતરજામી રે;
યમલા અર્જુનના વૃક્ષથી, બહુ નામી રે,
મુક્ત કિધા બંન્યો વીર. અંતરજામી રે. ૧૦
ગોકુળ રાખ્યું રેલતું, બહુ નામી રે,
ધરી નખપર ગોવરધન; અંતરજામી રે;
છોડયાં વાસુદેવ દેવકી, બહુ નામી રે,
કંશ પાપીને કરી છેદંન. અંતરજામી રે. ૧૧
અનેક ભક્ત ઉગારીયા, બહુ નામી રે,
મુખે કેહેતાં ના આવે પાર; અંતરજામી રે;
ભક્તવચ્છલ પ્રભુ ભુદરા, બહુ નામી રે,
મારે છે તમારો આધાર. અંતરજામી રે. ૧૨
જો જો જતા હરી વિસરી, બહુ નામી રે,
અંત સમયે પડશે કામ, અંતરજામી રે;
છગનની સુણજો વિનતી, બહુ નામી રે,
છું દાસનોદાસ ગૂલામ. અંતરજામી રે. ૧૩

સ્વાન ઉપર દયા લાવવા વિશે.

(હરીનો મારગ છે શુરાનો—એ રાગ.)

શાણા જન સૌ, સ્વાન ઉપર તો, રીસ કરી નહીં મારો જોને;
દયા રે દિલમાં, તેપર લાવી, દુખ તેનું વિચારો જોને. ૧
ભૂખે મરતાં, ખાવા સારૂં, દ્વાર આપણે આવે જોને;
નર નારી જે, હોય નઠારાં, ધોકો લઇ ધમકાવે જોને. ૨
વઉ વઉ કરતાં, વેગે નાસે, મારતણી તો બીકે જોને;
બહાર નાશી, ક્યાં સુખ પામે, ભૂખે ભીતર ધીકે જોને. ૩
વળી બિચારૂં, પાછું આવી, જાય બીજાને દ્વારે જોને;
ત્યાં પણ તેને, તે પરમાણે, માર ધણો તો મારે જોને. ૪
નિરાશ થઇને, ત્યાંથી જઇને, બહાર ઘડિ બે ફરતું જોને;
જંપ વળે ના, જરાય ભૂખ્યે, ખાવા આશા કરતું જોને. ૫
ત્યાંથી આવી, ત્રીજા ઘરમાં, તાક જોઇને પેસે જોને;
ખાવા સારૂં, ખાંખાખોળા, ઘરમાં જઇ કરેછે જોને. ૬
ખડભડ ખડભડ, થાય તેહથી, ઘરનો ધણી જાણે જોને;
ધડગડ ધડગડ, ધોકો લઇને, આવે એને ટાણે જોને. ૭
કમાડ વાશી, તેને કૂટે, માંથે કેડે પુંઠે જોને;
ઘણા બરાડા, મુખથી પાડે, સોર શરીરે ઉઠે જોને. ૮
વળતી તેને, કાઢી મૂકે, જાય જીવ લઇ નાશી જોને;
સ્વાનો ભેગું, જઇ ઉભું રહે, અંતરમાં ઊદાસી જોને. ૯
કોઇ દયાળુ, બચકું લઇને, તુ તુ કહી બોલાવે જોને;
ટઉકો થાતાં, તેર સ્વાનનું, ટોળું દોડી આવે જોને. ૧૦

જઅરૂં તે તો ઝડપી લઇને, ખુંણે જઇને ખાય જોને;
દુર્બળ દેહે, હોયજ તે તો, ભૂખ્યાં પાછાં જાય જોને ૧૧
એ અણબોલ્યાં, પ્રાણી જૂઓ, કયાં જઇ ખાવા માગે જોને;
અન્ન રાંધેલું, ખપે તેહને, બીજું કામ ન લાગે જોને. ૧૨
માટે તેનું, દુઃખ વિચારો, ઇશે આપ્યું જ્ઞાન જોને;
વળી શીઆળે, ટાઢ પડેને, થાય ઘણાં હેરાંન જોને. ૧૩
આપણ ઓઢી, ઘરમાં સૂઇએ, તોય ટાઢતો વાય જોને;
પાધરમાં તે, પડી રહેછે, થર થર કાયા થાય જોને ૧૪
ઉનાળામાં, તાપે હાંફે, મૂખે ઝાઝો શ્વાસ જોને;
ભૂખ્યાં તરસ્યાં, ભટકાં મારે, પાણીની નહિ આશ જોને. ૧૫
નાહાય ધુવે, જ્યાં જન ઝાઝા, ત્યાં જઇ પાણી જુવે જોને;
હોય ખાડમાં, જળ સુકાતાં, રહ્યું તેટલું પીવે જોને. ૧૬
તરશ ઘણી ને, તપી ગયેલું, થોડું પાણી પામે જોને;
ભૂખ તરસ ના, છીપે તેથી, ઠરે નહિ એક ઠામે જોને. ૧૭
જૂવો આપણે, ઉનાળામાં, ઠંડો જોઇએ, આહાર જોને;
ઘડીએ ઘડીએ, પાણી જોઇએ, ના ચાલે પળવાર જોને. ૧૮
સૂવા બેસવા, છાંયો જોઇએ, શિરપર છત્રી તડકે જોને;
કહો સ્વાનને, તે સુખ ક્યાંથી, દુખનાં તાપે બટકે જોને; ૧૯
વળી તેમને, ચોમાસામાં, પિડાનો નહી પાર જોને;
વરસાદ મધ્યે, હરે ફરેછે, રેહેવું તે પણ બાહાર જોને. ૨૦
શાત પડે ને, મચ્છર કરડે, તે દુઃખ ના વેઠાય જોને;
પોકે પોકે, રડવા લાગે, બીજો નહી ઉપાય જોને. ૨૧
જાય કોઇની, માંડવીએ કે, ગમાંણગોના માંઘ જોને;

ખાડો ગાળી, બેસેછે પણ, બીક ધણીની ત્યાંજ જોને. ૨૨
થાય જાણ તો, ધણી તેહનો, આવેછે તે વારે જોને:
છાનોમાંનો, ધોકો લઇને, નિર્દય થઇને મારે જોને. ૨૩
જાય બિચારૂં, ત્યાંથી નાઠું, મચ્છર ટોળા માંહ્ય જોને.
મૂરખ જનને, તેના દુખનો, નહી અનુભવ કાંય જોને. ૨૪
જુવો આપણે, ચોમાસામાં, રહીએ કેવી રીત જોને;
ધુંણી કરીને, મચ્છર કાઢી, ઘરમાં સૂઇએ નીત્ય જોને. ૨૫
એક બે મચ્છર, જુવો રહે તો, પિડા કેટલી થાય જોને;
કહો સ્વાનને, બહાર રહીને, કેમ સહે નીજ કાય જોને. ૨૬
માટે સમજો, સૌ નરનારી, દયા દીલમાં ધરવી જોને;
ભૂખ્યાં હોય તો, ખાવા નાંખી, ક્ષુધા તેની હરવી જોને. ૨૭
તરસ્યાંની તો ખબર લઇને, પાણી પાવું નીત્ય જોને;
હરતાં ફરતાં, હરકત આવે, તોપણ રાખો પ્રીત જોને. ૨૮
પ્રીતે રાખો, ખાવા નાંખો, હોય નહીં તો પાળો જોને;
રાત દહાડો, ચોકી કરશે, તે માટે ના ટાળો જોને. ૨૯
ઘણો ફાયદો, છે તેનાથી, ચોર ઢોર ના આવે જોને;
આવે તો તે, ભસવા લાગી, આપણને ચેતાવે જોને. ૩૦
માટે તે છે, સ્વારથનું ને, પરમારથનું કામ જોને;
એવું જાણી, દયારે આણી, નરનારી તમામ જોને. ૩૧
ખાવા પીવા, ખુશી થઇને, આપોને હરનીશ જોને;
છગન કહે છે, તેમ કર્યાથી, રાજી રેહેશે ઇશ જોને. ૩૨

માબાપની સેવા વિશે.—પદ ૪.

(સંત ભગવંત, એક રૂપ છે રે, બીન ભાવ ન આણો. એ રાગ.)

માત પિતાને પાળીએ રે, સદા સ્નેહ ધરીને.—એ ટેક.
માત પિતા પાળીએ ને, નેહથી નિહાળીએ;
અવગુણ એમના ટાળીએ રે. સદા સ્નેહ ધરીને. ૧
મૂખે મીઠું ભાખીએને, રાજી રોજ રાખીએ;
બોલે તે બોલ સૌ સાંખીએ રે. સદા સ્નેહ ધરીને. ૨
આજ્ઞા ઉઠાવીએ ને, પ્રાણ ના દૂભાવીએ;
ભાવતાં ભોજન કરાવીએ રે. સદા સ્નેહ ધરીને. ૩
કષ્ટ સહુ કાપીએ ને, કદી ના સંતાપીએ;
છગન કહે સુખ આપીએ રે. સદા સ્નેહ ધરીને. ૪

(રાગ. ઉપરનો.)

જાત્રા જરૂર એજ જાણવી રે, માત પિતાની સેવા.-એ ટેક.
જાત્રા એ જાણવી ને, શંકા ના આણવી;
ભક્તીથી વધુ વખાણવી રે, માત પિતાની સેવા. ૧
હરીભક્તી રાખશે ને, દેવ દર્શને જશે;
એથી અધીક ફળ આપશે રે, માત પિતાની સેવા. ૨
ગર્થ ઘણો વાપરો ને, તીર્થ બધામાં ફરો;
તેથી આ રસ્તો ખરેખરો રે. માત પિતાની સેવા. ૩
ઘેર બેઠાં ટેલ છે ને, કરવામાં સેહેલ છે;
છગન કહે સુખ રેલ છે રે. માત પિતાની સેવા. ૪

(રાગ ઉપરનો.)

સેવા કિધી માબાપની રે, ધન્યભાગ્ય છે તેનાં—એ ટેક,

સેવા મા બાપની ને, કિધીછે અમાપની;
મુક્તી કરી તેણે પાપની રે. ધન્ય ભાગ્ય છે તેનાં. ૧
માત પિતા કારણે ને, શરીર પોતાતણે;
પિડા પામે તેતો ના ગણે રે. ધન્ય ભાગ્યછે તેના. ૨
સેવા શ્રવણે કરીને, કાવડ કાંધે ધરી;
તીર્થ કરાવ્યાં બધે ફરી રે. ધન્ય ભાગ્યછે તેનાં. ૩
પ્રેમ એવો લાવશે ને, સેવા જે બજાવશે;
છગન કહે તેને લાહાવ છે રે. ધન્ય ભાગ્યછે તેનાં. ૪

(રાગ ઉપરનો.)

દુઃખ દિધું મા બાપને રે, તેતો નર્કે જવાના—એ ટેક.
દુઃખ દે મા બાપને ને, સુખ હોય આપને;
ગણે નહીં એવા પાપને રે, તે તો નર્કે જવાના. ૧
માત પિતા કાળછે ને, અંતરમાં ખાર છે;
પ્રેમદાથી ઘણો પ્યાર છે રે, તે તો નર્કે જવાના. ૨
સ્ત્રીના કેહેવા વડે ને, માત પિતાથી લડે;
લાકડી લઇ લડવા તડે રે, તે તો નર્કે જવાના. ૩
ગાળો ઘણી ભાંડતો ને, અંતરમાં બાળતો;
છગન કહે નથી પાળતો રે, તે તો નર્કે જવાના. ૪

પ્રેમ મગનમાં, રાજી પ્રભુજી મારો, પ્રેમ મગનમાં, રાજી. એ રાગનાં. ૪

પદ. ૧

કુસંગમાં નવ જઇએ, હો પ્રાણીયા, કુસંગમાં નવ જઇએ—એ ટેક.
ચોરની સંગતથી ચોરી કરીને, જુઓ કદાપી ઝલઇએ;

અવળા હાથથી બંધાઇને આપણે, દરબાર વિશે દોરઇએ. હો પ્રાણિયા ૧
પરનારી સંગતથી શું સાર કાઢીએ, વણમોતે મોત ભેગા થઇએ;
ધન તન ધર્મની થાય ખૂવારી,વળી વ્યભીચારી કેવઇએ. હો પ્રાણીયા. ૨
કેફીને સંગે રહી કેફ જ કરીએ, અભક્ષણ હોય તે ખઇએ;
જાય પતીયાર ને કાયારે વટલે, ન્યાતીથી અળગા રહીએ હો પ્રાણીયા. ૩
નિંદાવાળા નર કેરી સંગત કરીને, નિંદા કરી શું કમાઇએ;
દાસ છગન કહે સાચું કહુંછું, લખી રખો આ વેણ હઇએ.હોપ્રાણીયા.૪

પદ ૨.

(રાગ ઉપરનો)

સંતની સંગત કરીએ, હો પ્રાણીયા, સંતની સંગત કરીએ. એ ટેક.
સંતની સંગતમાં સાર ઘણો છે, જુઠું નથી કાંઇ જરીએ;
ઇશ્વરનું ઓળખાણ પડે તેમાંથી, તેને તે કેમ પરહરીએ. હો પ્રા. ૧
હમેશાં હેત કરી જઇએ સતસંગમાં, દુરીજનથી નવ ડરીએ;
અજ્ઞાનરૂપી અંધારૂં મટાડવા, સંત વેણુ શ્રવણે ધરીએ. હો પ્રા. ૨
સંત કહેરે તેમ સદાય કરવું, અવળું નહીં આચરીએ;
રામનામ ઠામઠામ કામકાજ કરતાં, હરઘડીએ મુખે ઉચરીએ.હો પ્રા. ૩
સંસારરૂપી આ સાગર ભર્યો છે, સંતરૂપી નહાવથી તરીએ;
દાસ છગન કહે સાચું કહુછું, ડુબીએ નહી ભવદરીએ. હો પ્રા. ૪

પદ. ૩

(રાગ ઉપરનો.)

જમડા જાશે તને લુંટી, હો જીવડા, જમડા જાશે તને લુંટી—એ ટેક.
લુંટી જશે જમ જંજીરા લઇને, કરશે પ્રભુ જ્યારે છુટી;

છુટી થશે ને તું સમજી લેજે, તારી આયુશ દોરી ખુટી. હે૦૧
ખુટી તેથી તું ખાટલે પડીશ તે, વાતની થશે ફાટાફુટી;
ફુટી વાત ત્યારે સગાં સહુ આવશે, પેટમાં થશે વાળાચુંટી. હે૦૨
ચુંટી ચાલીને ત્યાં વૈદને બોલાવશે, કરશે ઓસડ દવાબુટી;
બુટીતણું તો ત્યાં જોર નહીં ચાલે, નાડયો જ્યાં ફટફટ તુટી. હે૦૩
તુટી રહી નાડી પછી બાળીરે મુકશે, લઇને જણશ ભાવ ઝુંટી;
દાસ છગન કહે સાચું કહુછું, સગાં રેહેશે રોઇ કુટી. હે૦૪

પદ. ૪.

(રાગ ઉપરનો.)

સાથે નહીં કોઇ આવે, હો જીવડા, સાથે નહીં કોઇ આવે. એ ટેક.
આવે મુવા પછી તારૂંરે બારમું ને, સગાં સબંધી તેડાવે;
તેડાવે તેમને જમવાને માટે, સારાં સારાં ભોજન કરાવે. હે૦ ૧
કરાવે તે સૌ સગાં મળી ખાશે ને, તારો ત્યાં પૈસો ઉડાવે;
ઉડાવે તે સૌ લોકલાજ લીધે, સંસારમાં સારૂં કહાવે. હે૦ ૨
કહાવે સારૂં તે તારા શા કામનું, સહુ ખાયને ખવરાવે;
ખવરાવે સહુ તેથી છુટકો નહી તે, કરશે ભાવે કે કભાવે. હે૦ ૩
ભાવે કર્યું હોય ભજન પ્રભુનુંને, પુન્ય પાપ હાથથી થાવે;
દાસ છગન કહે સાચું કહુછું, તે સર્વે સાથે સીધાવે. હે૦ ૪

ઊંદર કેર કરેછેરે, દુખડાં કોને કેવા જઇએ-એ રાગનાં. ૪

પદ. ૧

મુરખ માયા માટેરે, દિલમાં દાહાડી દુઃખ પામે છે—એ ટેક.
માયા માટે રહે ઉચાટે, સુખ નહીં કોઇ વાતે;

દાહાડે હડીઓ દોટો કાહાડે, ઉંઘ ન આવે રાતે. મુરખ માયા૦ ૧
ચિત્તમાં ચટપટ લાગી તેને, ગાંડો ઘેલો ફરતો;
ઝટપટ ધંધો ખોળી કાઢી, ખટપટ ઝાઝી કરતો. મુરખ માયા૦ ૨
તાઢ તાપ કાંઇ જુવે નહીને, ભુખ્યો તરસ્યો ભટકે;
હાસ્ય કરી હેઠો નવ બેસે, ધંધો ઝાઝો ખટકે. મુરખ માયા૦ ૩
વિવા વાજન સાજન આવે, આવે રૂડૂ ટાણું;
તેમાં તેણે કશ્યું ન જાણ્યું, રાત પડી કે વહાણું. મુરખ માયા૦ ૪
ધંધા સાથે લટપટ રહીને, ઝપટ કરેછે ઝાઝી;
કૂડ કપટને જુઠું બોલી, પૈસો રળવે રાજી. મુરખ માયા૦ ૫
કાન ધર્યા નહી હરીકથામાં, પૈસાથી ગૂલતાન;
પુન્ય દાનનું જ્ઞાન નહીને, પેટ ભર્યાનું ભાન. મુરખ માયા૦ ૬
હરી નામ હૈયે કે હોઠે, કદી ન કોઇએ ભાળ્યું;
પૈસા સાથે ચિત્ત પરોવી, જીવતર ફોગટ ગાળ્યું. મુરખ માયા૦ ૭
સત સમાગમ ગમે નહીં ને, માયા મીઠો મેવો;
છગન કહેછે જનમ ધરીને, રહ્યો જનાવર જેવો. મુરખ માયા૦ ૮

પદ. ૨

મુરખ મોજ કરી લ્યોરે, આ છે હરી ભજ્યાનુ ટાંણું—એ ટેક.
મોજ કરી લો હરી ભજી લ્યો, હેત ધરીને હઇએ;
નિશદીન ઘટમાં હરી સમરતાં, કાયર કદી ન થઇએ. મુરખ મોજ.૧
કાયર ઝાઝા જેથી થાતા, તે વેળા ગઇ નાશી,
દેહ મનુષ્યની પામ્યા ખાશી, ફરતાં લખચોરાશી. મુરખ મોજ. ૨
મનુષ્યદેહ મોંઘુછે ટાંણું, ન મળે ખરચ્યે નાણું;

એવું જાણી પ્રીતી આણી, ગાજો ગોવીંદ ગાણું. મુરખ મોજ. ૩
હાડ ન ભાગે દામ ન લાગે, હામ ન ખોટી થાય;
શ્વાસોશ્વાસે ને ઉલ્લાશે, હરી નામ સમરાય. મુરખ મોજ. ૪
અવસર વિત્યો તે નહીં આવે, એ છે મોટો વાંધો;
તે માટે હરી નામ નિરંતર, અંતરમાં આરાધો. મુરખ મોજ. ૫
હરતા જઇએ ફરતા જઇએ, કરતા જઇએ કામ;
કરીએ દાતણ નાવણ તોપણ, વિસરીએ નહી રામ મુરખ મોજ. ૬
ખાતાં પીતા વાટે જાતાં, સુતાં સાંજ સવારે;
સુખમાં દુખમાં ને વળી ભુખમાં, પાડો નહી વિસારે. મુરખ મોજ. ૭
રામ નામ સુખધામ સદા છે, એવું દીલમાં ધારો;
છગન કહે છે સદાકાળ તે, સ્નેહ કરી સંભારો. મુરખ મોજ. ૮

પદ ૩.

ધણીનું ધાર્યું થાશે રે, મુરખ મમતા શિદ કરોછો—એ ટેક.
ધાર્યું થાશે ધણી હરીનું, કર્યું ન થાય તમારૂં;
કરતા હરતા ઇશ્વર છે ને, મુમત કરો શા સારૂં. ધણીનું ધાર્યું. ૧
ભાર ભરેલું ગાડું જુવો, બળદ ગાડેથી તાણે;
તેની નીચે શ્વાન રહીને, હું તાણુંછું જાણે. ધણીનું ધાર્યું. ૨
જુવો જગતમાં ઘણે ઠેકાણે, કોઇ દુખીઆ કોઇ સુખીઆ;
કર્યું પોતાનું થાતું હોય તો, દુખ ના વેઠે દુખીઆ. ધણીનું ધાર્યું. ૩
દેશ જઇ પરદેશ જઇને, બેશ દુકાનો કાહાડો;
હોય ન મરજી હરજીની તો, ઘરમાં પડશે ખાડો. ધણીનું ધાર્યું ૪
એકુ થઇ સાંતેડું જોડો, કરો બરાબર ખેતી;

હરીકૃપાથી પુરણ પાકે, નહી તો થાય ફજેતી. ધણીનું ધાર્યું ૫
અનેક ધંધા એવી રીતે, પ્રીત કરી જુવોને;
દામ કમાવા ખોવા તેતો, હરી હાથ જાણોને. ધણીનું ધાર્યું. ૬
ઇશ્વર આપે કે નવ આપે, હકથી ધંધો કરવો;
સુખ મળે કે દુખ પડે પણ, હરીભરૂસો ધરવો. ધણીનું ધાર્યું. ૭
છે જનપાળક ટાળક દુખનો, સૌને સરજનહાર;
છગન કહેછે તેને સમરો, છોડીને અહંકાર. ધણીનું ધાર્યું ૮

પદ. ૪

જેનું મન સંતોષી રે, તેને સુખ જગતમાં જાણો—એ ટેક.
મન સંતોષી કાયા પોશી, ઓછી તૃષ્ણા રાખી;
હરી નામ ભાખી ઉમર આખી, કાઢી છે દુખ પાખી. જેનું મન. ૧
નિશદીન જન સંતોષીનું મન, રંજન રેહેછે ભારે;
નિતીસર ઉદ્યોગ કરીને, સુખમાં દીન ગુજારે. જેનું મન. ૨
પડી રહે ઝુંપડીમાંહી પણ, રાજમેહેલ તે માને;
ઘેંશ છાશ આરોગી માને, પેટ ભર્યું પકવાને. જેનું મન૦ ૩
કરી પથારી સૂત્રે તથાપી, પલંગ પોતે જાણે;
સઘળો વૈભવ એ પરમાણે, પોતે મનથી માણે. જેનું મન૦ ૪
સંતોષીથી સોમા ભાગે, શ્રીમંતને સુખ ક્યાંથી;
ચિંતા ચિત્તમાં ઝાઝી તેને, લોભ કરે તેનાથી. જેનું મન૦ ૫
હજારની હોય મુંડી તે તો, લાખ લેવા વિચારે;
લક્ષાધિપતી કરોડપતીની, આશા દીલમાં ધારે. જેનું મન૦ ૬
કરોડપતીને કષ્ટ અતી છે, અબજ ખરવની આશે;

અગજ ખરવવાળા જન સર્વે, રાજ્યગાદીને ચાહાશે. જેનું મન૦ ૭
રાજ્યગાદી આ લોકની તેને, ત્રીલોકનો છે ટોટો;
છગન કહે છે થોભ લોભનો, નહીં તે રોગજ મોટો. જેનું મન૦ ૮

પ્રાણિયા પ્રાણિયા પ્રાણિયારે, ભજી લેને પ્રભુજીને પ્રાણિયા. એ રાગનાં. ૪

પદ. ૧.

દામમાં દામમાં દામમાં રે, તારૂં ચિત્ત ચોટયું છે દામમાં;
નથી પ્રીતી પ્રભૂના નામમાં રે. તારૂં ચિત્ત ચોટયું છે દામમાં—એ ટેક
જે તે પ્રકારે પૈસો મેળવવા રે;
રટણ છે આઠે જામમાં રે. તારૂં ચિત્ત૦ ૧
ધાગા ધોડા ઘણા કરતો ફરેછે રે;
પૈસો રળવાના કામમાં રે. તારૂં ચિત્ત૦ ૨
પૈસા કારણ પરદેશમાં ભટક્યો રે;
સંત સેવ્યા નહીં ગામમાં રે. તારૂં ચિત્ત૦ ૩
પ્રવીણ થયો પૂરો પૈસાની બાબતે રે;
સમજ્યો નહીં કાંઈ રામમાં રે. તારૂં ચિત્ત૦ ૪
હરીકથામાં કદી હેઠો ના બેઠો રે;
પેઠો નહીં પ્રભૂધામમાં રે. તારૂં ચિત્ત૦ ૫
છગન કહે હવે જરૂર જજે તું રે;
સત્તસંગ હોય તે ઠામમાં રે. તારૂં ચિત્ત૦ ૬

પદ. ૨

ભોળવી ભોળવી ભોળવી રે, તને લીધો માયાએ ભોળવી;
એતો ઉમર ધૂળ રોળવી રે, તને લીધો માયાએ ભોળવી–એ ટેક.
સારૂં સારૂં તને સુખ દેખાડી રે;
પાડે છે લોભમાં ઢોળવી રે. તને લીધો માયાએ૦ ૧
પૈસાના લોભમાં પડીને ભૂલ્યો રે;
ધર્મની ધારણુ તોળવી રે. તને લીધો માયાએ૦ ૨
કૂડ કપટ તેંતો ઘણાંક કિધાં રે;
થાપણો પારકી ઓળવી રે. તને લીધો માયાએ૦ ૩
પૈસા રળી નથી વાપરતો ત્યારે રે;
ઠાલી પંચ્યાત શિદ ડોળવી રે. તને લીધો માયાએ૦ ૪
માયા તમામ તારે મૂકીને મરવું રે;
રેહેવાની હાથ રાખ ચોળવી રે. તને લીધો માયાએ૦ ૫
છગન કહે હવે સમજણ હોયતો રે;
સંતની સંગત ખોળવી રે. તને લીધો માયાએ૦ ૬

પદ. ૩

આવશે આવશે આવશે રે, સતસંગે બુદ્ધી તને આવશે;
માયા તું પછી હરાવશે રે, સતસંગે બુદ્ધી તને આવશે. એ ટેક.
સતસંગ કરતો નથી ત્યાં સુધી રે;
માયાનું બળ બહુ ફાવશે રે. સતસંગે બુદ્ધી તને આ શે. ૧
માયાનું બળ કાંઇ ઓછું ન જાણીશ રે;

ભવસાગરમાં ડુબાવશે રે. સતસંગે બુદ્ધી તને આવશે. ૨
મોહ પમાડી એણે કઇકને માર્યા રે;
સર્વે તે સંત સમજાવશે રે. સતસંગે બુદ્ધી તને આવશે. ૩
સંતના મૂખની વાંણી સાંભળતાં રે;
હરીકથા તને ભાવશે રે. સતસંગે બુદ્ધી તને આવશે. ૪
કથા સુણીને તારા કાન ઉઘડશે રે;
જમના જ્યાં માર બતાવશે રે. સતસંગે બુદ્ધી તને આવશે. ૫
છગન કહે હવે સતસંગ કરતો રે;
ભક્તીના રસ્તે ચઢાવશે રે. સતસંગે બુદ્ધી તને આવશે. ૬

પદ. ૪

જાણવી જાણવી જાણવી રે, હરીભક્તી ઉત્તમ છે જાણવી;
તેમાં મનોવૃતી તાણવી રે, હરીભક્તી ઉત્તમ છે જાણવી.—એ ટેક.
ભાવ ધરીને માટે ભક્તી એ કરવી રે;
નથી તે કોઇની વેચાણવી રે. હરીભક્તી ઉત્તમ છે જાણવી. ૧
ભક્તીની રીત નિત્ય કથા સાંભળવી રે;
શાસ્ત્રની રીત પિછાણવી રે. હરીભક્તી ઉત્તમ છે જાણવી. ૨
શાસ્ત્ર ને સંતની આજ્ઞાએ ચાલવું રે;
સાચી તે વાણી પ્રમાણવી રે. હરીભક્તી ઉત્તમ છે જાણવી. ૩
ભગવાન ભેટશે એ ભક્તી કરેથી રે;
એથી તે કેવી વખાણવી રે. હરિભકતી ઉત્તમ છે જાણવી. ૪
ભક્તી કરે તેને મુક્તી મળે છે રે;
માયા નથી જેને માણવી રે. હરીભકતી ઉત્તમ છે જાણવી. ૫

છગન કહે હવે ભકતી એ કરવી રે;
આળસ ના એમાં આણવી રે. હરિભકતી ઉત્તમ છે જાણવી. ૬

તારા મનમાં જાણેછે મરવું નથી જો—એ રાગનાં ૪

પદ ૧.

પામર પ્રાણિયા તેં કોપ, અતીશે કર્યો જો;
પૈસા માટે તું તો પ્રભૂનાથી, ના ડર્યો જો. પામર પ્રાણિયા તેં. ૧
પૈસા માટે તું હીંડે છે જુઠું બોલતો જો,
પૈસા માટે તું તો લાંચ લેવા દોડતો જો. પામર પ્રાણિયા તેં. ૨
પૈસા માટે તું તો વિશ્વાસઘાત બહુ કરે જો,
પૈસા માટે તું તો દિલમાં જરા ના ડરે જો. પામર પ્રાણિયા તેં. ૩
પૈસા માટે તું ઘણાક જીવોને હણે જો,
પૈસા માટે તેનું પાપ તુંતો ના ગણે જો. પામર પ્રાણિયા તેં. ૪
પૈસા માટે તેં અનેક પ્રપંચ આદર્યા જો,
કહે છગન તેંતો હરી હૈયામાં ના ધર્યા જો. પામર પ્રાણિયા તેં. ૫

પદ. ૨

મુરખ પૈસાની સાથે તેં બાંધી પ્રીતડી જો,
હરી ભજવાની તેં જાણી નહીં આ ઘડી જો. મુરખ પૈસાની. ૧
હરીએ પૈસો તને તારા યોગ્ય આપીઓ જો,
હરી ભજતો નથી તોય તુંતો પાપીઓ જો. મુરખ પૈસાની. ૨
હરીભજન વિના ઉમર એળે જાયછે જો,

હરીભજને માથે કાળ ફેરા ખાયછે જો. મુરખ પૈસાની. ૩
હરીભજને એનો આવી અચાનક ઝાલશે જો,
હરી ભજવાનું તે વેળા યાદ આવશે જો. મુરખ પૈસાની. ૪
હરી ભજી લે માટે હવે તું તો હેતથી જો,
કહે છગન પૈસો કામનો અંતે નથી જો. મુરખ પૈસાની. ૫

પદ. ૩

અલ્યા પ્રાણિયા તું કરને રટણ રામનું જો,
મુવા કેડે કર્યુંએ નથી તારા કામનું જો. અલ્યા પ્રાણિયા તું. ૧
મુવા પેહેલાં પ્રીતી પૈસાની તેં બહુ કરી જો,
મુવા વખતે પ્રીતી છોડવી તે આકરી જો. અલ્યા પ્રાણિયા તું. ૨
મુવા વખતે એને છોડી જવું પડે જો,
મુવા વખતે એની વેદના તો બહુ નડે જો. અલ્યા પ્રાણિયા તું. ૩
મુવા વખતે થશે હાય હાય હું રળ્યો જો,
મુવા વખતે કહીશ પૈસો મારો ધુળ મળ્યો જો. અલ્યા પ્રાણિયા તું ૪
મુવા પેહેલાં પ્રીત કર તું હવે રામમાં જો,
કહે છગન વાપર પૈસો પુન્યકામમાં જો. અલ્યા પ્રાણિયા તું. ૫

પદ. ૪

રળો રામ નામ નાણું નગદ રોકડું જો,
નથી જવાનું પરદેશમાં છે ઢુંકડું જો રળો રામ નામ. ૧
નથી રળતાં એને જોર જરા આવતું જો,
નથી અઘરૂં વળી છે અતીશે ફાવતું જો. રળો રામ નામ. ૨

નથી ભાગ લાગ એમાં કોઈ માગતું જો,
નથી અગ્નીના પ્રવેશથી એ લાગતું જો. રળો રામ નામ. ૩
નથી ચોર કે હાકેમ કોઇ લુંટતું જો,
નથી વાપરીએ તોપણ જરા ખુટતું જો. રળો રામ નામ. ૪
નથી ચિંત્યા એને રળવેથી જોને કશી જો,
કહે છગન સાથે આવશે મુવા પછી જો. રળો રામ નામ. ૫

જે કોઇ પ્રેમી અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. એ રાગનાં ૪.

પદ. ૧

અરે જીવ તેં તો અણુસમજણે, ભજ્યા નહીં ઇશ્વર બાળાપણે-એ ટેક
જનમ થયો તારો જે વારે, રડતો બહુ શક્રે ઘણે;
માતાએ ખોળામાં લીધો, ધવરાવા કારણે. ભજ્યા નહીં. ૧
ધાવણ ધાવી રેહેતો રાજી, સૂતો તું પારણે;
પ્રથમ બેસતાં તું તો શીખ્યો, શરીર રહ્યું ધારણે. ભજ્યા નહીં. ૨
પછી પગલાં તું ભરતાં શીખી, ફરતો ઘર આંગણે;
દિન દિન પ્રત્યે મોટો થઇને, રમતો તું બારણે. ભજ્યા નહીં. ૩
માબાપે નીશાળે મૂક્યો, વળતી લાં તું ભણે;
પરણ્યો તું જે વારે ત્યારે, વશ થયો નારી તણે. ભજ્યા નહીં. ૪
બાળપણનો અવસર સર્વે, ખોયો અણુસમજણે;
છગન કહેછે રાખ્ય હવે તું, ચિત્તને હરીસમરણે. ભજ્યા નહીં. ૫

પદ. ૨

મૂરખ તું હરી નામ વિસર્યો, જુવાની દેખી ફાટયો ફર્યો.—એ ટેક.
પરનારી દેખીને દીલમાં, દુષ્ટ મનસુબો કર્યો;
દુષ્ટ નારની સંગે રમતાં, દુષ્ટ જરા નહીં ડર્યો. જુવાની દેખી. ૧
કુડાં કર્મ કરીને ઘરમાં, ભુંડો પૈસો ભર્યો;
હરીઅર્થે તેં આપ્યો નહીં ને, વીષય સૂખે વાપર્યો. જુવાની દેખી. ૨
પરમારથ પ્રીછયો નહીં પાપી, સ્વારથમાં સંચર્યો;
સવળો ધંધો સુજ્યો નહીં ને, અવળો તેં આદર્યો. જુવાની દેખી. ૩
કાળ કરાળ ફરે શીર વેહેરી, તેથી નવ થરથર્યો;
સ્વપના જેવું સુખ જગતનું, તે દેખી તું ઠર્યો. જુવાની દેખી. ૪
અલ્પ સુખમાં આનંદ માની, હરી હીરો ના હર્યો;
છગન કહે છે શીદ અભાગી, વૃથા જનમ તેં ધર્યો. જુવાની દેખી, ૫

પદ ૩.

હૈયાના ફુટયા ભજ તું હરી, જુવાની જાશે તારી ટળી.—એ ટેક.
જશે જુવાની જાણી લેજે, શીદ ગયો છું છળી;
કાળાં મટીને ધોળાં આવશે, માથે મૂરખા પળી જુવાની જાશે. ૧
શરીરની સહુ શક્તી જઇને, નરમ થશે સહુ નળી;
અંગ ઉપરની તંગ ચામડી, ઢીલી થાશે ઢળી. જુવાની જાશે. ૨
બરવો થાશે વેશજ તારો, રૂપ રંગ સહુ બળી;
ચરણ વડે ચલાશે નહીં ને, વાંકો થાશે વળી. જુવાની જાશે. ૩
ઓછું થાશે તેજ આંખ્યનું, શકીશ નહી સાંભળી;
દાંત દાઢ સહુ પડી જઇને, ડાચાં જાશે મળી. જુવાની જાશે. ૪

ફક્કડ થઇ અક્કડ ચાલે પણ, પ્રાણ જશે નીકળી;
છગન કહેછે તે માટે તું, ભક્તીમાં જા ભળી. જુવાની જાશે. ૫

પદ ૪.

અરે આ અવસર રૂડો અતી, જપી લે જીવડા તું જગપતી.—એ ટેક.
બાળપણામાં પ્રભૂ ભજ્યાની, બુદ્ધી ક્યારે હતી;
સમજુ થઇને નથી સમરતો, જાય જુવાની છતી. જપી લે. ૧
જુવાન વયમાં જપીશ નહી તો, બનતું નથી વળતી;
વૃદ્ધવયની આશા રાખી તો, માઠી તારી મતી. જપી લે. ૨
દુઃખનો દરીઓ વૃદ્ધાઅવસ્થા, સુખ તો છે નહીં રતી;
શરીરની સહુ શક્તી જાતાં, ભુંડી થાશે ગતી. જપી લે ૩
તત્પર થા તું આ અવસરમાં, આળસ મેલી જતી;
ઇશ્વરને ઓળખવા માટે, કર તું સંત સંગતી. જપી લે. ૪
કરવું તે તો હાલ કરી લે, જાય વખત વિતતી;
છગન કહેછે વખત ગઈ તે, ફરી નથી આવતી. જપી લે. ૫

મુખડાની માયા લાગીરે, મોહન તારા. એ રાગનાં. ૪

પદ. ૧

મનસુબા મોટા કરેરે, ઓ જીવ ઘેલા.—એ ટેક.
મનસુબા મોટા કરે, કાળ માથે ફેરા ફરે;
કેમ તેનાથી ના ડરે રે. ઓ જીવ ઘેલા. ૧
જાણે છે કે હું છું છોટો, બુદ્ધીનો મારામાં ટોટો;

ડાહ્યો થઇશ થઈ મોટો રે. ઓ જીવ ઘેલા. ૨
ડાહ્યો થઇને એવું કરૂં, ધન રળી ઘર ભરૂં;
બુઢ્ઢાપણમાં હરી સમરૂં રે. ઓ જીવ ઘેલા. ૩
ઝુંપડું પાડીને મારૂં, ઘર કરૂં નવું સારૂં;
એવું તું હૈયામાં ધારૂં રે. ઓ જીવ ઘેલા. ૪
પછી હું પરોણા તેડી, જમાડું ઘી ધાર રેડી;
ઓળખવું મારી પેહેડી રે. ઓ જીવ ઘેલા. ૫
એવા તું કરી વિચારો, વખત ગુમાવે સારો;
હરી ભજવાનો તારો રે. ઓ જીવ ઘેલા. ૬
કાળથી તું નથી ડરતો, હરીને નથી સમરતો;
રહીશ તું પછી રઝળતો રે. ઓ જીવ ઘેલા. ૭
એવું જાણી ભજ પ્રાણી, હરીને ઉમંગ આણી;
છગન કહેછે વાણી રે. ઓ જીવ ઘેલા. ૮

પદ ૨.

જાય છે વખત રૂડો રે. જરૂર જોને—એ ટેક.
જાય છે વખત રૂડો, કરી જો વિચાર ઉંડો;
મનસુબો તજી કૂડો રે. જરૂર જોને. ૧
પળ પછી કેવું થાશે, તે તો નહી સમજાશે;
શીદ રેહેવું વિસવાસે રે. જરૂર જોને. ૨
ભરૂંસો નથી કાયાનો, ક્યારે તે છે પડવાનો;
કાળ તો ફરે છે છાનો રે. જરૂર જોને. ૩
અચાનક કાળ આવે, કોઇને તે ના ચેતાવે;

ધૂળ ધારેલું કરાવે રે. જરૂર જોને. ૪
મનસુબા કરી કરી, ગયા છે ઘણાક મરી;
ભજવા ના રહ્યા હરી રે. જરૂર જોને. ૫
એવાને તેં જોયા જતા, થયા જોને હતા નતા;
નાની ઉમરમાં તે હતા રે. જરૂર જોને. ૬
નાના જાણી જીવવાની, આશા નથી રાખવાની;
વેળા છે હરી ભજ્યાની રે. જરૂર જોને. ૭
કાયાને રેહેવાનું કાચું, કાળ આવી ભાગે ડાચું;
છગન કહે છે સાચું રે. જરૂર જોને. ૮

પદ ૩.

મરવાનું ગયો ભૂલી રે, લેજે તપાસી.—એ ટેક.
મરવાનું ગયો ભૂલી, માયા દેખી રહ્યો ફુલી;
જાય છે જનમ ડૂલી રે, લેજે તપાસી. ૧
હરીના ભજન વિના, જઇશ તું ઉઠેલ દીના;
કાળની તું જોને બીના રે. લેજે તપાસી. ૨
કાળ તો ઝપાટા દે છે, ઓચિંત્યો આવી પડે છે;
કેમ તું તો ઉંધી રેહેછે રે. લેજે તપાસી. ૩
કશો ના ઉપાય ચાલે, કાળ જે વેળાએ ઝાલે;
પળ તો ના માગી આલે રે. લેજે તપાસી. ૪
કાળને તું હાથ જોડે, લાંચ આપવાને દોડે;
તોય તે તો નહીં છોડે રે. લેજે તપાસી. ૫
મુખમાં સૌ નિહાળી નજરે, ભતીજો રૂદન કરે;

કાળ તો ના દયા ધરે રે. લેજો તપાસી. ૬
કાળ આવે છે જે કાળે, પાછો તેને કોણ વાળે;
હરીનો હૂકમ પાળે રે. લેજો તપાસી. ૭
કોડ વાતે રેહેવું નથી, મૂમતા કરે તું અમથી;
છગન કહેછે કથી રે. લેજો તપાસી. ૮

પદ. ૪

મરતાં નહીં વાર લાગે રે, ગોવીંદ ગાને.—એ ટેક.
મરતાં નહી વાર લાગે, ઘણા ગયા તરી આગે;
ઘડીના છઠ્ઠા જ ભાગે રે. ગોવીંદ ગાને. ૧
કૈક ખાવા બેઠા ખાણું, એટલામાં આવ્યું આણું;
પીરશેલું રહ્યું ભાણું રે. ગોવીંદ ગાને. ૨
કૈકે તો પોતાને રેહેવા, મેહેલ કિધા જોયા જેવા;
રહ્યા નહીં વાસ્તુ લેવા રે. ગોવીંદ ગાને. ૩
કૈક કોડે ધન રળવા, નિકળ્યા પરદેશ જવા;
અધવચમાં તેતો મુવા રે. ગોપીંદ ગાને. ૪
કૈક તો તરૂવરે ચઢયા, ત્યાંથી તેતો હેઠા પડયા;
ટૂકડા કાયાના રખડયા રે. ગોવીંદ ગાને. ૫
કૈક જોને ઘશમસ્યા, કામ કરતામાં ખસ્યા;
જેની વારે સાપે ડસ્યા રે. ગોવીંદ ગાને. ૬
કૈક તો ગાડે પીલાણાં, કૈક તો ઝાળે ઝલાણા;
કૈક તો ઘરથી દબાણા રે. ગોવીંદ ગાને. ૭
એવું જોઇને સમજુ તો, હરી ભજે ડાહ્યો હું તો;

છગન કહે છે તુંતો રે. ગોવીંદ ગાને. ૮

આશાગોડી રાગનાં, પદ. ૪

પદ. ૧

(કામછે દુષ્ટ વિકારી, આહા પ્રભુ, કામછે દુષ્ટ વિકારી.—એ રાગ.)

અવસર પ્રાણી આવ્યો, આવો રૂડો, અવસર પ્રાણી આવ્યો.—એ ટેક.
દેહ મનુષ્યનો દીધોછે હરીએ, તેતો છે મન ભાવ્યો. આવો રૂડો. ૧
દેહ અનેકછે આ દુનીઆમાં, તેમાં શ્રેષ્ટ બનાવ્યો. આવો રૂડો. ૨
વાચા બુધ્ધી દીધી દયાળે, તેથી મનુષ્યને ફાવ્યો. આવો રૂડો. ૩
દાસ છગન કહે હરી ના ભજ્યા તો, અવસર એળે ગુમાવ્યો.
આવો રૂડો. ૪

પદ. ૨

જુગદીશને નવ જાણ્યા, જનમ ધરી, જુગદીશને નવ જાણ્યા.—એ ટેક
વિવીધ પ્રકારે જગ ફીરતારે, ભોગ કર્યા તે માણ્યા. જનમ ધરી. ૧
ભોગ ભલા ભલા, જેના કરેલા, તે નહીં ઉરમાં આણ્યા. જનમ ધરી. ૨
માયા પ્રભુની મોહ ચઢાવે, તેથી મુમત બહુ તાણ્યા. જનમ ધરી. ૩
દાસ છગન કહે મિથ્યાછે જીવ્યું, પ્રભુને જો ના પિછાણ્યા. જનમ ધરી. ૪

પદ. ૩

લગની ખોટી લાગી, માયા સાથે, લગની ખોટી લાગી.—એ ટેક.
આ અવસર છે હરી ભજવાનો, તે જાય અફળ અભાગી. માયા સાથે. ૧
મારૂં મારૂં કહી માયા રળેછે, તેને જવું છે ત્યાગી. માયા સાથે. ૨

વિષયના સુખમાં અંધ થયોછું, તે નવ જોયું જાગી. માયા સાથે. ૩
દાસ છગન કહે પ્રભુને ભજ તું, ભ્રમણા ભુંડી ભાગી. માયા સાથે. ૪

પદ. ૪

ભક્તી પ્રભુની કરીએ, પામર પ્રાણી, ભક્તી પ્રભુની કરીએ.—એ ટેક.
ભક્તી કરતાં સંકટ આવે, તેથી ના દીલમાં ડરીએ. પામર પ્રાણી. ૧
ભક્ત થઇ સતસંગત કરવી, તો ભવસાગર તરીએ. પામર પ્રાણી. ૨
ભક્ત કેહેવાણા તેજ કમાણા, તે નર ડાહ્યા ઉચરીએ. પામર પ્રાણી ૩
દાસ છગન કહે જગકરતાનું, ધ્યાન અહોનીશ ધરીએ. પામર પ્રાણી.૪

ધીરાના પદના રાગનાં. ૪

પદ. ૧

પુર્વેના પુન્ય લિધે રે, પ્રાણી મનુષ્યાદેહ મળી;
જન્મમરણનો ફેરો રે, તેની નવ ચિંત્યા ટળી.—એ ટેક.
ગર્ભવાસમાં તુ બહુ દુઃખ પામ્યો, ઉંધે મૂસ્તક રે ઝુલી,
ત્યાં તારી જેણે રક્ષા રે કિધી, તે સૌ ગયો ભૂલી;
કોલકરાર કરીઆ રે, તે તું નવ શકયો પળી. પુર્વેના. ૧
બાહાર આવીને બોલવા શીખ્યો ને, ચાલવા માંડયું જ્યારે,
મા બાપે તો ગન મગ્ન થઇને, સ્ત્રી પરણાવી ત્યારે;
વળતી માયા વળગી રે, ગયો ધરધંધે બળી. પુર્વેના. ૨
ઉંચા ઉંચા મેહેલ બનાવું ને, કાઢું જગતમાં નામ,
છૈયાં છોકરાંની જીવીકા માટે, મેળવવાને દામ;
માથે ભાર લઇને રે, ના જોયું તેં પાછું વળી. પુર્વના. ૩

કૂડ કપટના ધંધા કરીને, ચાલ્યો અધર્મની વાટ,
પુન્ય ને પાપ કાંઇએ ના પ્રીછ્યું, નાણું મેળવવા માટ;
ભૂમીમાં દ્રવ્ય દાટ્યું રે, મુરખ તેં રળી રળી. પુર્વેના. ૪
જુવાની તો જાતાં ના જાણી, ખોયા અમુલખ દીન,
વૃદ્ધા અવસ્થા આવીરે જ્યારે, શરીર થયું બળહીણું;
તોય તું નવ ચેત્યો રે, માથે આવ્યાં ધોળાં પળી. પુર્વેના. ૫
તેમ કરતાં પછી તાવજ આવ્યો ને, મૂખથીરે ચાલ્યો સ્વાસ,
કંઠ વિશે કફ બોલવા લાગ્યો, ના રહી જીવ્યાની આશ;
ભાઇઓએ ભોંય લિધો રે, પ્રાણ પછી ગયો નીકળી. પુર્વેના૦ ૬
કાઢો કાઢો કિધું સર્વે વાહાલાંએ, નનામી કિધી તૈયાર,
ચાલ્યા ચાર ભાઇઓ ઉચકીને, પાછળ પડચો પોકાર;
ચિત્તામાં ફુંકી દિધો રે, કાયાની થઇ રાખ બળી. પુર્વેના૦ ૭
બાર દીવસ થયે બારમું કિધું, ઉડાડચો ઝાઝો ગૃથ,
સંસારમાં તેથી સારૂં કેહેવાણું, મરનારને તે વૃથ;
છગન સાચું કેહેછે રે, માટે નવ જશો છળી. પુર્વેના. ૮

પદ. ૨

સાચી નહીં સમજો રે, સંસારની સુખ સંપતી,
સાર શાણા લેશેરે, માને નહી મુઢમતી.—એ ટેક.
હીરણ્યાકંશ હતો અહંકારી, વરતાવતો પ્રભુની પેર,
સાત દ્વીપ નવ ખંડની સાહેબી, હતી પોતાને ઘેર;
તે પણ ત્યાગી ગયો રે, ચારે ખુંટ પૃથવીપતી. સાચી નહીં. ૧
દુર્યોધન જેને અધર સીંહાસન, હતો મહા બળવીર;

સહસ્ત્ર જોજન જેનું ચક્રરે ચાલતું, બળીયા બાવન વીર;
તોપણ તેનુ કાંઇએ રે, ચાલ્યું નહી વેળા જતી. સાચી નહીં ૨
રાવણને હતી સોનાની લંકા, દશ મુસ્તક ભુજ વીશ,
એક લક્ષ પુત્ર સવાલક્ષ ગ્નાતી, સૌ દેવ નામતા શીશ;
માહા સુખ એવું મેલ્યું રે, મેલી મંદોદરી સતી. સાચી નહીં. ૩
નંદરાજાને અનંગળ નાણું, તે પણ પામ્યું નાશ,
સગરને સાઠ હજાર પુત્રો, એવા થયા છે નીરાશ;
છગન સાચું કહેછે રે, ન લઇ ગયા ભાર રતી. સાચી નહીં. ૪

પદ. ૩

સંસારમાં સાચો રે, સંતનો સમાગમ છે,
પ્રેમે પ્રીત કરીએ રે, બીજું બધુ બુમેબુમ છે.—એ ટેક.
લક્ષચોરાશીની યોનીમાંહી, વાચા બુદ્ધી નહીં લેશ,
એક આ મનુષ્યાદેહને આપી, તે તો ભાગ્ય વિશેષ;
વિચારીને જો તું રે, એતો ઘણી ઉત્તમ છે. સંસારમાં. ૧
ખાવા પીવાને ઉંચુ રે ખોળીયું, વળી મળવો સત્તસંગ,
તે તો મહા મુશ્કેલ સમજવો, પામી મનુષ્યનું અંગ;
તે તો સર્વે આપ્યું રે, શું ઓછું તારે આતમ છે. સંસારમાં. ૨
એવુંરે જાણીને જે કોઇ કરશે, સંતની સંગત રોજ,
હું ને મારૂં એ બંને તજીને, કરશે હરીની ખોજ;
ભુદર ભેટે તેને રે, બાકી બીજાને તો જમ છે. સંસારમાં. ૩
તે માટે આ ખોટી પ્રીત મુકીને, કરવો સંતથી સ્નેહ,
ફરી ફરી આ નથી મળવાની, પ્રાણી મનુષ્યાદેહ;

છગન સાચું કેહેછે રે, કાયા પાણીપુર સમ છે. સંસારમાં. ૪

પદ. ૪

સંત હોય સાચા રે, સદા હરી ભજન કરે,
વિપત્તીની વખતે રે, માયામાં ના મંન ધરે.—એ ટેક.
કેશરી ભક્ષણ કરવાને માટે, વન સઘળામાં જાય,
તેમ છતાં ખાવા નવ મળે તો, ભુખ વેઠે નીજ કાય;
તોપણ કદીએ તેતો રે, મૂખેથી ના તૃણ ચરે. સંત હોય. ૧
શુરો સર્વે હથીઆર સજીને, લડવા લડાઇમાં જાય,
દુશ્મનનું દળ દેખીને જખરૂં, સરણે કદી નવ થાય;
જીવ જતાં સુધી રે, આયુદ્ધ ના અવની ધરે. સંત હોય. ૨
સત્યવંતી જે સુંદરી હોય તે, સત્ય ના તજે લગાર,
દૈવ્યગતીથી સંકટ આવે, સત્ય જવા જે વાર;
સતી હોય સાચી રે, જરૂર જીભ કરડી મરે. સંત હોય. ૩
હરીજન હરીની ભક્તિરે કરતાં, સુખ દુઃખ આવે શરીર,
તોપણ ભક્તી તમે ના તજશો, રાખી અંતરમાં ધીર;
છગન સાચું કેહે છે રે, તો તમારૂં કારજ સરે. સંત હોય, ૪

પ્રભુના ઉપકાર વિશે.

(શીવજી શેરીઆનો રાગ.)

પ્રીતે પ્રભુ નામ સંભારો, પામર પ્રાણીયા રે;
ઘટમાં ઘડીએ નહીં વિસારો. પામર પ્રાણીયા રે. ૧
એણે કિધા ઘણા ઉપકાર, પામર પ્રાણીયા રે;

તેનો ગણતાં ન આવે પાર. પામર પ્રાણીયા રે. ૨
આપી ઉત્તમ મનુષ્યાદેહ, પામર પ્રાણીયા રે;
તેમાં નથી જરા સંદેહ. પામર પ્રાણીયા રે. ૩
ઝાઝાં પૃથ્વી ઉપર પ્રાણી, પામર પ્રાણીયા રે;
તેને નથી જ્ઞાન કે વાણી. પામર પ્રાણીયા રે. ૪
આપ્યું મનુષ્યદેહને જ્ઞાન, પામર પ્રાણીયા રે;
વિશેષે કિધા વાચા વાન. પામર પ્રાણીયા રે. ૫
માટે અંતરમાં વિચારો, પામર પ્રાણીયા રે;
શોધો ઇશ્વરના ઉપકારો. પામર પ્રાણીયા રે. ૬
નિરખવા નેત્ર બનાવ્યાં કેવાં, પામર પ્રાણીયા રે;
તેની કીમત થાય ન તેવાં. પામર પ્રાણીયા રે. ૭
સાંભળવા કિધા કેવા કાંન, પામર પ્રાણીયા રે;
નહીંતો થાત ઘણા હેરાન. પામર પ્રાણીયા રે. ૮
આપ્યું નાક અનોપમ કેવું, પામર પ્રાણીયા રે;
સુગંધી સર્વે સમજે એવું. પામર પ્રાણીયા રે. ૯
રસના મુખમાં જુઓ રચી છે, પામર પ્રાણીયા રે;
તેને સમજણ સ્વાદતણી છે. પામર પ્રાણીયા રે. ૧૦
વદવા માટે કર્યું છે મૂખ, પામર પ્રાણીયા રે;
નહીં તો પામત પાકું દૂખ. પામર પ્રાણીયા રે. ૧૧
ચાવીને ખાવા દિધા દાંત, પામર પ્રાણીયા રે;
કરી છે તે પણ એક નિરાંત. પામર પ્રાણીયા રે. ૧૨
આપ્યું છે પેટ અંન જળ ભરવા, પામર પ્રાણીયા રે;
દેહનું રક્ષણ તે તો કરવા. પામર પ્રાણીયા રે. ૧૩

ચાલવા ચરણ દિધા છે એશ, પામર પ્રાણીયા રે;
ફરો છો તેથી દેશ વિદેશ. પામર પ્રાણીયા રે. ૧૪
કરવા કામ કર્યા છે હાથ, પામર પ્રાણીયા રે;
બને છે મનગમતું તે સાથ. પામર પ્રાણીયા રે. ૧૫
ખામી નથી કશી કાયામાં, પામર પ્રાણીયા રે;
ઉત્તમ દેહ મળી દુનીયામાં. પામર પ્રાણીયા રે. ૧૬
બીજાં બહુ આપ્યાં છે સુખ, પામર પ્રાણીયા રે;
હરીએ હર્યાં તમારાં દુઃખ. પામર પ્રાણીયા રે. ૧૭
સરજ્યા સુરજ ને વળી ચંદ્ર, પામર પ્રાણીયા રે;
તમોને છે તેથી આનંદ. પામર પ્રાણીયા રે. ૧૮
હોત જો અવનીમાં અંધારૂં; પામર પ્રાણીયા રે;
તો તો કાંય ન લાગત સારૂં. પામર પ્રાણીયા રે ૧૯
વહે છે વાયુ આઠે પોહોર, પામર પ્રાણીયા રે;
તેથી નથી તાપનું જોર. પામર પ્રાણીયા રે. ૨૦
પવન જો બંધ રહે પળવાર, પામર પ્રાણીયા રે;
મુંઝાઇ મરો તમે તે વાર. પામર પ્રાણીયા રે. ૨૧
પાણી પીવાને નહીં તાણ, પામર પ્રાણીયા રે;
ખોદતાં જમીનમાં જળખાણ. પામર પ્રાણીયા રે. ૨૨
તેનો ટોટો હોત કદાપી, પામર પ્રાણીયા રે;
હોરત મોં માગ્યું ધન આપી. પામર પ્રાણીયા રે. ૨૩
પુરણ પંકવે છે પ્રભુ અંન, પામર પ્રાણીયા રે;
કરોછો ભોજન થઇ પ્રસન. પામર પ્રાણીયા રે. ૨૪
પણ જો વરસાવે નહીં મેહ, પામર પ્રાણીયા રે;

પડશે પ્રાણ છાંડીને દેહ. પામર પ્રાણીયા રે. ૨૫
માટે સંભારો તે સ્વામી, પામર પ્રાણીયા રે;
જેણે કશી ન રાખી ખામી. પામર પ્રાણીયા રે. ૨૬
સ્વાદો કિધા ખટરસ કેવા, પામર પ્રાણીયા રે;
બનાવ્યા સુંદીર મીઠા મેવા. પામર પ્રાણીયા રે. ૨૭
દિધી વીવીધ પ્રકાર સુગંધી, પામર પ્રાણીયા રે;
હરવા રોગ કરી ઔષધી, પામર પ્રાણીયા રે. ૨૮
સાધન સઘળાં આપ્યાં નાથે, પામર પ્રાણીયા રે;
હરકત હરવાને તમ હાથે. પામર પ્રાણીયા રે. ૨૯
તેથી કર્યા તમે ઘરબાર, પામર પ્રાણીયા રે;
વાહન વસ્ત્ર તથા શણગાર, પામર પ્રાણીયા રે. ૩૦
એવાં અનેક સુખછે ભાઈ; પામર પ્રાણીયા રે,
નુન્યતા નથી તમારે કાંઇ. પામર પ્રાણીયા રે. ૩૧
એ સૌ ઇશ્વરનો ઉપકાર, પામર પ્રાણીયા રે;
આપ્યુંછે જ્ઞાન કરો વિચાર. પામર પ્રાણીયા રે. ૩૨
કરોછો મોજ તમેતો રોજ, પામર પ્રાણીયા રે;
કરી નહીં જગકરતાની ખોજ. પામર પ્રાણીયા રે. ૩૩
હવે તે કરતાને સંભારો, પામર પ્રાણીયા રે;
શોધી સંતસમાગમ સારો. પામર પ્રાણીયા રે. ૩૪
તેથી ટળશે લખચોરાશી, પામર પ્રાણીયા રે;
મળીછે દેહ તમોને ખાશી. પામર પ્રાણીયા રે. ૩૫
અવશર જો આ ચૂકી જાશો, પામર પ્રાણીયા રે;
કહેછે છગન પછી પસ્તાશો. પામર પ્રાણીયા રે. ૩૬

લખચોરાશીના દુઃખ વિશે.

(રાગ. કેલઇઆનો).

આ અવસર છે હરી ભજવાનો, મનુષ્યનો અવતાર,
વખત વૃથા તમે શીદને ગુમાવો, પ્રાણી કરો વિચાર;
મનુ'ય દેહ ફીટી જાશે રે, પછી પ્રભુ કયાંથી ભજાશે. ૧
તરૂવર થઇ એક સ્થાનક રેહેશો, સેહેશો તાઢ ને તાપ,
અહોનીશ ઉંધે મુસ્તક રેહેવું, પામશો બહુ પરીતાપ;
કોવાઢેથી અંગ કપાશે રે, તેનું દુઃખ તમને થાશે. ૨
હાથી થઇ વશ રેહેશો ધણીને, બકરી જેવા થઇ,
દાખવશો કદી જોર તમેતો, મારશે અંકુશ લઇ;
પગે બેડી લોઢાની રેહેશે રે, મહા દુઃખ મચ્છર દેશે. ૩
ઉંટ થઇ અતી બોજા ઉઠાવી, ચરશો વાટે જતાં વાડ,
ચાલતાં કોઇ દીન ખશી પડયા તો, ભુકો થશે ભાગી હાડ;
ધણી પછી મુકીને જાશે રે, જનાવરો ખોતરી ખાશે. ૪
અશ્વ થઇ ઘણું દોડવું પડશે, પીઠે બેસારી સ્વાર,
હાંફશો ઝાઝુ સ્વાસ ચઢેથી, પરસેવો વળશે અપાર;
પીઠે વળી ચાંદી પડશે રે, માખ્યો તે વેળા નડશે. ૫
બળદ થઇ ધરી ધોંસરૂં કાંધે, ખેંચશો ઝાઝો ભાર,
હાંકશે ધણીને હેડશો નહી તો, પડશે અતીશે માર;
ભુખ્યા ને તરસ્યા રેહેશો રે, સંકટ એ સર્વે સેહેશો. ૬
ભેંસ થઇ બેશ દુઝશો ત્યારે, ખાવાને મળશો ખાણ,
દોનારને નહી દૂધ મળે તો, મારી કરે લોહી ઝાંણ;
વછુકીને ભૂખે મરશો રે, તેની ક્યાં ફરીઆદ કરશો. ૭

ગર્ધવ થઇને ગુણ ઉપાડી, બેપ થવાની અપાર,
છુટા થશો ત્યારે ખાવાને મળશો, ઉકરડાની ચાર;
ધણીને વ્હાલા થાશો રે, તો ફોતરાં ફૈડકે ખાશો. ૮
ભુંડ થઇ તમે ભુંડે ઠેકાણે, ભાટકશો દીનરાત;
ભુંડું ખાશો ને ભોંય સુવાનું, તોય ઘણો ઉચાટ;
નીર્દય કોઇ નજરે જાંખે રે, તુરત તે મારી નાંખે. ૯
સ્વાન થઇ પેટ ભરવાને માટે, ફરશો ઘેરે ઘેર,
ક્ષુધા હશે પણ ખાવાને ક્યાંથી, પામશો રૂડી પેર;
જ્યાંને ત્યાં ધોકા પડશે રે, ભુંડી ભૂખ તમને નડશે. ૧૦
અજા થઇ તમે આથડી ખાશો, વનસ્પતીનાં પાન,
ગાટી માટે તમને રાખી કસાઇ, જરૂર લેશે જાન;
કાને કંડ કાપશે જ્યારે રે, પિડા ઘણી પામશો ત્યારે. ૧૧
વાનર થઇ વન વિશે રખડશો, ખાવા વનનો માલ,
માલધણી તેના મારી તગડશે, ભુંડા થાશે હેવાલ;
ચોમાસે ટુંટીયાં વાળી રે, બેસી રેહેશો ઝાડની ડાળી. ૧૨
મોર થઇ સોર બકોર કરશો, માથે ધણી છે ફાળ,
આંખ્યો મીચી નહીં ઉંઘવા પામો, રેહેવું તરૂવર ડાળ;
પડે શિર મેઘની ઝડીયું રે, પવનથી ખાશો લથડીયું. ૧૩
પોપટ થઇ તમે પાંજરે પડશો, ફરવાની નહીં છૂટ,
પાળશે તે ધણી પઢાવવાને, કરશે માથાકૂટ;
પઢાવીને લેશે પરીક્ષા રે, સદાકાળ કેદની શીક્ષા. ૧૪
સર્પ થશો ત્યારે સાંચુશે ઝાલે, માણુસ દેખતાં વાર,
ચડકે પકડશે તે લોહી નીકળશે, મૂકશે વન મોઝાર;

દેખી લોહી કીડીઓ ઝાઝી રે, લેશે જીવ અંગે બાઝી. ૧૫
માંકણ થઇ નીસ માનવી કેરૂં, પીશો પ્રીતે રૂધીર,
ખાટલામાં તમે છુપાઇ જાશો, તાજું કરીને શરીર;
માણુસ પછી ક્રોધજ આણી રે, ઉનું કરી રેડશે પાણી. ૧૬
જળતા જંતુ થઇ જળમાં રેહેશો, કરશો નિત્ય કલોલ,
પાણી ખુટયા પછી પ્રાણ મુંઝાશે, લાગશે તાપ અતોલ;
જશે જીવ અંગ પછાડી રે, ચિત્તાપાટ દેહને પાડી. ૧૭
એવા એવા દેહ આ દુનીઆમાં, લખચોરાશી કેહેવાય,
ગણવાને કોઇ સમર્થ નથી તો, વર્ણન ક્યાંથી થાય;
થોડામાંથી સાર સમજો રે, આ દેહેથી ઇશ્વર ભજજો. ૧૮
બીજા દેહે નથી પ્રભુ ભજ્યાનું, જ્ઞાન જુઓને જરાય,
અવસર આ મોંઘો જાય તમારો, માટે કરોને ઉપાય;
ભમે શીર કાળ તો છાનો રે, સદા નથી દેહ રેહેવાનો. ૧૯
ઓળખશો અવીનાશી તમે તો, આવશે દુઃખનો અંત;
એવું જાણી પ્રાણી ચેતીને ચાલો, સેવોને સાચા સંત;
છગન કહે સુખતો થાશે રે, ચોરાશીનું સંકટ જાશે. ૨૦

ઓધવજીના સંદેશાનો રાગ.

(અંતરલાપીકા.)

પરમેશ્વર ભજવાને પુરણ પ્રીતથી,
ટેક તમે એ રાખો પ્રાણી નિત્ય જો;
લવરી ના કરીએરે વિના હરી નામની,
છુરકા પંજા કરવા એ નહીં રીત જો. પરમેશ્વર. ૧

ગર્થ ઘણો હોય આપ્યો તમને ઈશ્વરે,
નહીં કરવો તેનો મનમાં અહંકાર જો;
લાવણ્યતા લાવીને પર ઉપકારમાં,
લક્ષ્મીને વાપરવી એ છે રીત જો. પરમેશ્વર. ૨
હરીએ શક્તી આપી હોય શરીરમાં,
રજે ન તેથી લડવા તત્પર થાવ જો;
જીવ દુભાતો જગમાં જ્યાં નજરે પડે,
વહાલપણે તે વેળા વારે જાવ જો. પરમેશ્વર. ૩
નસીબતણા સંજોગે જો વિદ્યા ભણો,
દાખવશો નહી તે તો કરી વિવાદ જો;
સદગ્રંથો વાંચીને હરીને ઓળખો,
રજની દીવસ રાખો તેને યાદ જો. પરમેશ્વર. ૪
હેતે હોદ્દો હોય તમે તો ભોગવો,
વાંકેરૂ થઈને કરશો માં અન્યાય જો;
શીશ હરીડર રાખી લેશો લાંચ નહીં,
ગાદી તે તો ઈશ્વરની કહેવાય જો. પરમેશ્વર. ૫
મરદ થયા તો માત પીતાને પાળીએ,
બાળાપણમાં બહુ આપ્યું છે સુખ જો;
વખત મળ્યો કે બદલો તેનો વાળવો,
લાજ હોય તો જરા ન દેશો દુઃખ જો. પરમેશ્વર. ૬
નાહકનું નહીં ખાશો કોઈ માનવી,
સાચી દાનત રાખી રળજો દામ જો;
ખટપટ ખોટી સર્વે આ સંસારની,

સાથે આવે પુન્ય પાપનાં દામ જો. પરમેશ્વર. ૭
નથી છેવટમાં મારૂં નામ જણાવતો,
દીધું છે મેં મારૂ અંદર નામ જો;
આદી અક્ષર દરેક ચરણનો વાંચતાં,
નીકળશે તે નામ સાખ્ય ને ગામ જો. પરમેશ્વર. ૮

સાતવાર.

(ઓધવજી સંદેશો કેહેજો શામને. એ રાગ)

સાત વાર સૌ સ્નેહ કરીને સાંભળો,
પ્રેમે પાળો પછી તમે એ રીત જો;
કપટ તજીને કામ કરો સંસારમાં,
કાયા પોશી ભજો પ્રભૂને નીત્ય જો.— એ ટેક.
સોમે સોમ થઇ ના ધન સંગ્રહ કરો,
તેમાં અંત્યે નથી જુવો કાંઇ સાર જો;
મુવા પછી મૂકી જાવું છે તેહને,
તે કારણ ના બાંધો પુરણ પ્યાર જો. સાત વાર. ૧
મંગળવારે મંગળ જો ચાહો તમે,
તો કરજો કોડે પરમારથ કામ જો;
તેનાથી છે તમને અતીશ ફાયદો,
સદા સમજજો એ તો છે સુખધામ જો. સાત વાર૦ ૨
બુધે બુદ્ધી અંતરમાં આ રાખજો,
હુપદથી ના કરો કશુંએ દાન જો;
પરમારથ કરવું તેતો નીષ્કામથી,

અજ્ઞાની જન આણે છે અભીમાન જો. સાત વાર૦ ૩
ગુરૂવારે ગુરૂ કરશો તો ગમ પાડશે,
જગકરતાની તમને તે ઓળખાણ જો;
નહીં તો માયા દેખી હરી વિસરી જશો,
તેથી તમને થાશે અંત્યે હાણ જો. સાત વાર૦ ૪
શુક્રરવારે શું કરવા તે કીજીએ,
માયા મૂકી ઇશ્વર ભજવા ઠીક જો;
માયા તો મિથ્યા છે નિશ્ચે જાણવી,
માથે મોટી મરણ તણી છે બીક જો. સાત વાર૦ ૫
શનીવારે શીદ વાર કરો શુભ કામમાં,
કરવું ધાર્યું તેતો કરીએ હાલ જો;
મનસૂબા મોટા મનના મૂકો પરા,
જુવો વિચારી કોણે દીઠી કાલ જો. સાત વાર૦ ૬
રવીવારે રટવા રાજી થઇ રામને,
સંત સમાગમ શોધી સારો નીત્ય જો;
જનમ ધર્યાનો લાહાવો એ છે જાણજો,
છગન કહે છે સમજો ઉર ખચીત જો. સાત વાર૦ ૭

પંદર તીથીઓ.

(પડવાની પણ પ્રીત, ગતમત ભૂલી રે—એ રાગ.)

પડવે પ્રભૂથી સ્નેહ, કરજો પ્રાણી રે;
આ પડી જવાની દેહ, નિશ્ચે જાણી રે ૧
બીજે બાંધ્યો છે પ્યાર, તમે તે સાથે રે;

તેથી ખાશો જમના માર, પોતાને હાથે રે. ૨
ત્રીજે તજો વિશ્વાસ, કાયાનો ખોટો રે;
નથી ઉગરવાની આશ, મરણ ભય મોટો રે. ૩
ચોથે ચડપ લઇ જાય, કાળ એક પળમાં રે;
તે ભૂલી સર્વ ઠગાય, માયાના બળમાં રે. ૪
પાંચમે પૂરણ પ્રીત, માયાની લાગી રે;
તેથી થશે વાત વિપ્રીત, જૂવોને જાગી રે. ૫
છઠ્ઠે સરજનહાર, તમે ન સંભારો રે;
મોંઘો મનુષ્યનો અવતાર, મફતમાં હારો રે. ૬
સાતમે સમજી સંત, પ્રભૂને પ્રીછે રે;
નિત્ય ભાવે ભજે ભગવંત, માયા નવ ઇચ્છે રે. ૭
આઠમે જન અજ્ઞાન, માયા ખૂબ માણે રે;
તે માણસ પશુ સમાન, પ્રભૂ નવ જાણે રે. ૮
નોમે નક્કી નર તન, ફરી નથી મળવું રે;
માટે રામ નામનું ધન, રાજી થઇ રળવું રે. ૯
દશમે દિન વહી જાય, હરી ભજવાના રે;
તે ફરી નહીં દેખાય, નથી તજવાના રે. ૧૦
અગીઆરસે અમૂલ્ય, વખત શિદ ખૂવો રે;
છે મોટી તમારી ભૂલ્ય, વિચારી જૂવો રે. ૧૧
બારશે બીજા દિન, નવા આવવાના રે;
એ તો ઇશ્વરને આધિન, તમે દેખવાના રે. ૧૨
તેરશે તેનો હાંય, ભરૂંસો ન રાખો રે;
આ ચાલુ વખતની માંય, હરી નામ ભાખો રે. ૧૩

ચૌદશે ચેતી ચતૂર, હરી ગુણ ગાશે જે;
આ ભવસાગર ભરપૂર, તરી તે જાશે રે. ૧૪
પૂનમે પૂરણ સૂખ, પછી છે તેને રે;
કહે છગન સાચું સૂખ, માયા નહી જેને રે. ૧૫

બાર મહીના.

(રઘુપતી રામ રૂદેમાં રેહેજો રે.–એ રાગ.)

હરી ભજો હેતથી નરનારી રે,
હરી ભજવા મનુષ્યાદેહ ધારી. હરી ભજો—એ ટેક.
કારતક મહિને તે તો કામ કરીએ રે,
એક ઘડીએ હરી ના વિસરીએ રે;
માથે મરણતણી બીક ધરીએ. હરી ભજો. ૧
માગસર મહિને મરણ નથી છાનું રે,
વેહેલું મોડું છે જરૂર જવાનું રે;
પછી નથી હરીભજન થવાનું. હરી ભજો. ૨
પોષ મહિને પોતાનો આ દેહ રે,
હોય સ્વાધિન જ્યાંસુધી તેહ રે;
રાખો ત્યાં સુધી ભજનમાં સ્નેહ. હરી ભજો. ૩
માહા મહિને મિથ્યા બધી માયા રે,
માયા દેખીને મુરખ ઠગાયા રે;
ગાયા ગોવિંદ તે નર ડાહ્યા. હરી ભજો. ૪
ફાગણ મહિને રહ્યા કેમ ફુલી રે,
જગકર્તાનું સમરણ ભૂલી રે;

જશો જનમ તમારો આ ડૂબી. હરી ભજો. ૫
ચૈતર મહિને ચેતી હવે ચાલો રે,
ભક્તી જગતપતીતણી ઝાલો રે;
શિદને વખત ગુમાવોછો ઠાલો, હરી ભજો. ૬
વૈશાક મહિને વાળ્યા માયા ભાળી રે,
લાભ લેવા આવી મુંડી ટાળી રે;
હવે આટલેથી ચાલો સંભાળી. હરી ભજો. ૭
જેઠ મહિને જશે જોગ આવો રે,
પછી જરાયે તમે નહી ફાવો રે;
જપી જગતપતી લ્યોને લાહાવો. હરી ભજો. ૮
અષાડ મહિને આળસ મુકો અળગી રે,
નવ રેહેશો માયાને વળગી રે;
ભક્તી કરવાથી દુઃખ જાય સળગી. હરી ભજો. ૯
શ્રાવણ મહિને સુખે ભક્તી કરીએ રે,
તેથી રહેજે ભવસાગર તરીએ રે;
સુખ માયાનું દેખી ના ઠરીએ. હરી ભજો. ૧૦
ભાદરવે મહિને ભવ દુઃખ ધરવું રે,
વારે વારે જનમવું ને મરવું રે;
એનું સંકટ સમજીને ડરવું. હરી ભજો. ૧૧
આસો મહિને ઉલટ આણી અંગે રે,
સદા રેહેવું સુખે સતસંગે રે;
નહી તજશો માયાના પ્રસંગે. હરી ભજો. ૧૨
અધિક મહિને અધિક તેં શું કહેવું રે,

થોડું કિધું ડાહ્યાને ઝાઝા જેવું રે;
કહે છગન ભજન કરી લેવું. હરી ભજો. ૧૩

કક્કો માયાના બળ વિશે.

(ચંદ્રાવળા છંદની ચાલ.)

કક્કા કૌતક આતે કેવું, દીઠું દુનિયા માંહ્ય;
સર્વે જનતો એમજ બોલે, સાચું છે નહિ કાંય;
સાચું છે નહિ કાંય કહેછે, મિથ્યા જાણી મચ્યા રહેછે,
કહે છગન એ જોયા જેવું, કક્કા કૌતક આતે કેવું. ૧
ખખ્ખા ખેલ ખરેખર ખોટો, ખેલેછે સહુ લોક,
હું અને મારૂં માની મૂરખ, બોલ્યું કરેછે ફોક;
બોલ્યું કરેછે ફોક મુખેથી, માયાના વશ થયા સુખેથી,
કહે છગન એ અન્યાય મોટો, ખખ્ખા ખેલ ખરેખર ખોટો. ૨
ગગ્ગા ગુણ અવગુણ ના જોયા, પૂરણ બાંધી પ્રીત;
મરે મુરખજન હાથે સર્વે, થઇ આંધળા ભીંત;
થઇ આંધળા ભીંતજ કેવા, પડે પતંગ દીપકમાં એવા;
કહે છગન તે પેઠે મોહ્યા, ગગ્ગા ગુણ અવગુણ ના જોયા. ૩
ઘઘ્ઘા ઘાટ ઘડે મન વિશે, આણીને અહંકાર;
નાત જાતમાં નામજ કાઢું, કરૂં મોટાં ઘરબાર.
કરૂં મોટાં ઘરબાર રળીને, જે તે રીતે ધંધે બળીને;
કહે છગન એમ થયું અતિશે, ઘઘ્ઘા ઘાટ ઘડે મન વિશે. ૪
ચચ્ચા ચિત્તમાં ચટપટ લાગી, મેળવવાને દામ;
કુડ કપટ જુઠ અંતર રાખી, કરવા માંડયું કામ.

કરવા માંડયું કામ કમાવા, ઘરનાં સૌ માણુસને ખાવા;
કહે છગન ના જપ્યા અભાગી, ચચ્ચા ચિત્તમાં ચટપટ લાગી. ૫
છઠ્ઠા છત નાંણાની કીધી, કિધાં નવાં ઘરબાર;
ખાવા પિવાની પિડા ટાળી, સૂખી થયા અપાર.
સૂખી થયા અપાર તથાપી, ધરમ નેમ ના સમજ્યા પાપી;
કહે છગન ના ભક્તી લીધી, છઠ્ઠા છત નાંણાની કીધી. ૬
જજ્જા જર જગદીશ પ્રતાપે, પામ્યા રૂડી પેર;
તેમ છતાં હરિને નવ જાણ્યા, ફરતા ઘેરેઘેર.
ફરતા ઘેરઘેર દાહાડી, કરવા પરનિંધા ને ચાડી;
કહે છગન રંકો સંતાપે, જજ્જા જર જગદીશ પ્રતાપે. ૭
ઝઝ્ઝા ઝાઝો પૈસો થયો પણ, ના સમર્યા શ્રીરામ;
પુન્યતણું જો કામ આવે તો, કહે ન આપું દામ;
કહે ન આપું દામ રખેલો, મુશ્કેલીથી ભેગો કરેલો;
કહે છગન ના આવી સમજણ, ઝઝ્ઝા ઝાઝો પૈસો થયો પણ. ૮
ટટ્ટા ટેક ધરી છે એવી, પુન્ય કરે શું થાય,
પુન્ય કામ જો આદરીએ તો, પૈસો ખૂટી જાય;
પૈસો ખૂટી જાય તે જાય, મુવા પછી છોકરાં શું ખાય,
કહે છગન એ બુદ્ધી કેવી, ટટ્ટા ટેક ધરી છે એવી. ૯
ઠઠ્ઠા ઠેકડિ સંતની કરે, કથા ન સુણે ગમાર,
રળતાં જોર આવ્યું છે તેથી, તજી બેઠા સંસાર;
તજી બેઠા સંસાર ટિલાળા, કરમાં ઝાલી મોટી માળા;
કહે છગન એથી નવ ડરે, ઠઠ્ઠા ઠેકડિ સંતની કરે. ૧૦
ડડ્ડા ડાહાપણ સર્વે ખોયું, પૈસો આવ્યો પાસ,

મરણુ બીકતો મૂકી દીધી, ના ઓળખ્યા અવિનાશ;
ના ઓળખ્યા અવિનાશી અંધે, બંધાણા માયાના બંધે,
કહે છગન ના જાગી જોયું, ડહ્યા ડાહાપણ સર્વે ખોયું. ૧૧
ઢઢ્ઢા ઢોર જેવા સહુ રહ્યા, મૂરખ પૈસાદાર,
ખાધું પિધું ને કાળ ખૂટાડયો, સમજ્યા નહીં લગાર;
સમજ્યા નહીં લગારે મનમાં, પ્રીતી જોડી રાખી ધનમાં;
કહે છગન વૃથા દીન ગયા, ઢઢ્ઢા ઢોર જેવા સહુ રહ્યા. ૧૨
રેણા રણીઆ રંક રહ્યા તે, બોલે કેવા બોલ;
છતે પૈસે પુન્ય કરે નહીં, તેતો પશુને તોલ;
તેતો પશુને તોલ સમજવા, ભુલી ગયા જે પ્રભુને ભજવા;
કહે છગન એમ વળતા વાતે, રેણા રણીઆ રંક રહ્યા તે. ૧૩
તત્તા તૃષ્ણા તેતો રાખે, આપે જો પ્રશ દામ;
પેટ ભર્યાની પીડા ટળે તો, સુખે ભજીએ રામ.
સુખે ભજીએ રામ દહાડી, પરમારથમાં પૈસો કાહાડી;
કહે છગન એમ મૂખે ભાખે, તત્તા તૃષ્ણા તેતો રાખે. ૧૪
થથ્થા સ્થીર કરી મન થાપ્યું, રાખ્યો એજ વિચાર;
દૈવગતીથી પૈસો પામ્યા, થયું ધાર્યું તે વાર.
થયું ધાર્યું તે વારજ જ્યારે, માયાધેન ચઢ્યું તે વારે;
કહે છગન ત્યાં વેણુ ઉથાપ્યું, થથ્થા સ્થીર કરી મન થાપ્યું.૧૫
દદા દામ મળ્યો જે વારે, ભુલ્યા પ્રભુ ને પુન્ય;
માયામાં લોભાણા મૂરખ, તૃષ્ણાના થયા તુન્ય.
તૃષ્ણાના થયા તુન્ય લગારે, માયા એમજ સૌને મારે;
કહે છગન માયાબળ ભારે, દદા દામ મળ્યો જે વારે. ૧૬

ધદ્દા ધરથી ચેતી લેજો, સરવે નર ને નાર;
દામ દામ તે માયા જાણો, માયા સૌ સંસાર,
માયા સૌ સંસાર પ્રમાણો, કાયા તે પણ માયા જાણો;
કહે છગન તે સૌ તજી દેજો, ધદ્દા ધરથી ચેતી લેજો. ૧૭
નન્ના નિજ કાયા તે માયા, કાયા કેમ તજાય,
કાયા છે તો હરી ભજાશે, પછી કયાંથી ભજાય;
પછી કયાંથી ભજાય હરીને, માટે એજ વિચાર કરીને;
કહે છગન સાચવજો કાયા, નન્ના નિજ કાયા તે માયા. ૧૮
પપ્પા પોતાનો છે સ્વારથ, સાચવજો નિજ કાય,
રતન કાઢજો રાજી થઇને, જીવતી રાખો ગાય;
જીવતી રાખો ગાય તે કાયા, રામ રતન લ્યો સર્વે ડાહ્યા;
કહે છગન ના કરશો અનરથ, પપ્પા પોતાનો છે સ્વારથ. ૧૯
ફફ્ફા ફરી ફરી નહિ આવે, આવો ઉત્તમ દેહ;
ઉત્તમ છે હરી ભજવા માટે, અંત્યે જુઠો તેહ;
અંત્યે જુઠો તેહ સમજવો, સાચો સ્વામી કર્તા ભજવો,
કહે છગન તે કરજો ભાવે, ફફ્ફા ફરી ફરી નહિ આવે. ૨૦
બબ્બા બહુ બળવંતી માયા, નજરે ના દેખાય;
હરીભજનમાં ભંગ પડાવા, આવી આડી થાય,
આવી આડી થાય છે અતી, ફેરવી નાંખે સૌની મતી,
કહે છગન એમ સહુ ઠગાયા, બબ્બા બહુ બળવંતી માયા. ૨૧
ભભ્ભા ભજના હોય તમારે, સાચા શ્રી ભગવંત;
તોતો કામ કરો તે માટે, સેવો સાચા સંત.
સેવો સાચા સંતજ ભાવે, માયા ત્યાં નહિ આડી આવે;

કહે છગન હરી મળશે ત્યારે, બબ્બા ભજવા હોય તમારે. ૨૨
મમ્મા મહા સુખ મળે હરીથી, હરી છે સૌનો તાત;
માયા મોટી છે દુઃખદાયક, માયા સૌની માત;
ગાયા સૌની માતા કેવી, પીતા ના મળવા દે એવી;
કહે છગન રાખે પ્રીતીથી, મમ્મા મહા સુખ મળે હરીથી. ૨૩
યય્યા યુક્તિ કરીને ઝાઝી, માયા આપે સુખ;
પીતાને કોઇ મળવા ઇચ્છે, તેને દેછે દુઃખ.
તેને દેછે દુઃખ વધારે, પછી પીતા જો ના સંભારે;
કહે છગન તો કરેછે રાજી, યય્યા યુક્તિ કરીને ઝાઝી. ૨૪
રરા રોકયો રહ્યો જે એનો, તેને અંત્યે ત્રાસ;
અભય સુખની ઇચ્છા હોય તે, જાય પિતાની પાસ;
જાય પિતાની પાસે બળીયા, માતા પાસ રહે માવડિયા;
કહે છગન ભવ બગડે તેનો, રરા રોકયો રહ્યો જે એનો. ૨૫
લલ્લા લગની લગાડો માટે, ભજવા શ્રી ભગવાન;
લાડ લડાવે માયા તેથી, થયા સહુ ગૂલતાન.
થયા સહુ ગૂલતાન અતિશે, પ્રીત ન રાખી પ્રભૂને વિશે;
કહે છગન ચાલ્યા કૂવાટે, લલ્લા લગની લગાડો માટે. ૨૬
વવ્વા વિષય વિકારને સારૂ, કિધી માયાની પ્રીત;
વિવીધ ભાતનાં ભોજન વળતી, ખાધાં ખૂબ ખચીત.
ખાધ ખૂબ ખચીત નિરાંતે, માયા મળો છો દિનરાતે:
કહે છગન તે બગડે તમારૂ, વવ્વા વિષય વિકારને સારૂ. ૨૭
શશ્શા સૂખ શરીરને દિધું, ઉલટ અંગ ન માય;
સાચવિયું શરીરને તેથી, તાજું થાતું જાય.

તાજું થાતું જાય તે જાય, ને જીવતણુંતો જોખમ થાય;
કહે છગન શું સમજ્યા સિધું, શસ્શા સૂખી શરીરને દિધું. ૨૮
ષષ્યા શિર ભમે કાળ છાનો, જાણી લેજો જરૂર;
ઓચિંત્યો આવીને તેતો, કરશે દેહથી દુર.
કરશે દેહથી દુર પલકમાં, પસ્તાશો પૂરણ તે તકમાં;
કહે છગન તે સાચું માનો, ષષ્યા શિર ભમે કાળ છાનો. ૨૯
સસ્સા સંતસમાગમ શોધો, શોધો આતમજ્ઞાન,
હું ને મારૂં એ સર્વે તજીને, થાઓ બ્રહ્મ સમાન.
થાઓ બ્રહ્મ સમાન જો તમે, તો તો જન્મ મરણ દુઃખ સમે;
કહે છગન છોડો માયા ધો, સસ્સા સંત્ત સમાગમ શોધો. ૩૦
હહ્હા હાથ હજુછે તમારે, ચેતો તો ચેતાય;
વખત રહેલો વિતી જાશે, વળતી નહીં ઉપાય.
વળતી નહીં ઉપાયજ થાશે. લખ ચોરાશીમાં જીવ જાશે;
કહે છગન સમજો આ વારે, હહ્હા હાથ હજુછે તમારે. ૩૧
ળળા એળે આ અવસર ખોશે, અજ્ઞાની જન જેહ;
માયાથી મોહીત થઇને, કરશે તેથી સ્નેહ
કરશે તેથી સ્નેહ અભાગી, શીખામણ જેને ના લાગી;
કહે છગન તે પાછળ રોશે, ળળા એળે આ અવસર ખોશે. ૩૨
ક્ષક્ષા ક્ષણું માત્ર આ શિક્ષા, લઇને સેવે સંત,
પરીબ્રહ્મને તે પિછાણી, થશે શીવ તે જંત;
થશે શીવ તે જંત કહુંછું, ભુલ ચુકની માફી લેઉંછું,
કહે છગન એ મારી દિક્ષા, ક્ષક્ષા ક્ષણું માત્ર આ શિક્ષા. ૩૩
જ્ઞજ્ઞા જ્ઞાન હું તો ઉચરીઓ, ગુરૂ ગ્રંથ આધાર,

પૂત્ર હું હરજીવન દાસનો, જાતી પાટીદાર:
જાતી પાટીદારની ખાશી, ગામ બાવળાનો રહેવાશી,
કહે છગન શામે સાથુંદિયે, જજા જાન હું તો ઉચરીઓ. ૩૪

બાવળાગામનો મંડળી રણછોડજી જવા ઉભી થઇ તેમની અરજ.

(શ્રી ગોકુળ સાસરીએ જાવું.—એ રાગ.)

સાંભળજો સ્વામી છોગાળા,
રંગીલા રણછોડ રૂપાળા;
કહે છે આ મંડળીવાળા,
સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૧
દયાળુ છો ડાકોરના વાશી,
દયારે તમે કિધી છે ખાશી;
થયા અમે દરશનના પ્યાશી,
સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૨
કરૂણા આ કિધી અધમ જીવને,
તેથી પ્રેમ વાધ્યો છે અમને;
નિરખવા ડાકોરમાં તમને,
સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૩
માણેકદારી પ્રુનમે શિર શાટે,
બાંધી મંડળી દરશન માટે;
ભુલવશો નહીં પ્રભુ કોઇ ધાટે,

સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૪
આવીશું ગાતા ને વાતા,
પ્રેમથી થઇ માતા રાતા;
નથી કોઇ જનથી શરમાતા,
સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૫
નથી અમે લાજ જરા ધરતા,
હવે નથી દુનિયાંથી ડરતા,
નફ્ટનર છો નિંદા કરતા;
સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૬
તમારી ભક્તી ભલી ભાવી,
ભજીશું અંગ ઉમંગ લાવી;
સદા મતી રાખો તમે આવી,
સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૭
કુશળ તમે મંડળીનું કરજો,
અમારી હરકત સહુ હરજો;
અરજ આટલી ઉરમાં ધરજો,
સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૮
સંવત ઓગણીસેં એકાવન,
ત્યાંથી દૂર વરશે પ્રભૂ દરશન;
છગન કહે કરવાં થઇ પરસન,
સાંભળજો સ્વામી છોગાળા. રંગીલા રણછોડ. ૯

કેવા દેને કાન, તારી માને કેવા દને કાન—એ રાગનાં. પદ ૪.

પદ ૧

જઇએ ડાકોર ગામ, ચાલો આજે, જઇએ ડાકોર ગામ.—ટેક.
ડાકોર ગામ આ દેશ બધામાં, તીરથનું છે ધામ. ચાલો. ૧
દ્વારીકાંથી હરી ડાકોર આવી, વાસો વસ્યા તે ઠામ. ચાલો. ૨
દેશ પરદેશથી દરશન માટે, સેવક આવે તમામ. ચાલો. ૩
હીંમત ધારીને કરોરે તૈયારી, છગન કહે તજી કામ. ચાલો. ૪

પદ. ૨

જેજે શ્રી રણછોડ, શામળીઆ, જેજે શ્રી રણછોડ—ટેક.
દયા રે કરી તમે દરશન દિધાં, પુર્યા અમારા કોડ. શામ. ૧
કારજ આજ અમારાં સુધાર્યાં, હરખ્યા વાર કરોડ. શામ. ૨
છો જનપાળક ટાળક દુઃખના, મળીયા મોડામોડ. શામ. ૩
રાત દીવશ તમે રૂદીયામાં રહેજો, છગન કહે કરજોડ. શામ. ૪

પદ. ૩

મેહેર કિધી મહારાજ, ત્રીકમજી આ, મેહેર કિધી મહારાજ—ટેક.
મેહેર કિધી તમે મોટી અમારી, દરશન દિધાં આજ. ત્રીક. ૧
છેલ છબીલા ને રૂડા રંગીલા, રાખી અમારી લાજ. ત્રીક. ૨
નેણથી નિરખ્યા ને હૈયામાં હરખ્યા, સર્વે સુધાર્યાં કાજ. ત્રીક. ૩
ભક્તિ તમારી તો આપો મોરારી, છગન કહે શીરતાજ. ત્રીક. ૪

પદ. ૪

લાગીએ તમને પાય, લક્ષ્મી મા તુ, લાગીએ તમને પાય.—ટેક.
લીલા લેહેર કરી તમે આજે, ઉમંગ અંગ ન માય. લક્ષ્મી. ૧
દહાડી દહાડી માડી દરશન દેજો, દુ:ખ અગારાં જાય. લક્ષ્મી. ૨
કરૂણા નિરંતર જોઈએ તમારી, તોતો જગતમાં હવાય. લક્ષ્મી. ૩
રાંકનો વાંક જોશો નહી જરીએ, છગન કહે સુખ થાય. લક્ષ્મી. ૪

ગોપી કૃષ્ણને કહે છે.

(રે કર્યાં વેશ્યાએ કેર, વાળવું વેર, હવે શા બાને)—એ રાગ.
અલ્યા ગોવિંદ ગોપાળ, જસોદાબાળ, નંદના લાલ, કથન ધર કાને;
તું વેરણ વાંસળી વાઈ સતાવે શાને—એ ટેક.
તે રહે તારે અધુર, કરે ચકચુર, કરોને દુર, એહ રંડાને;
તું વેરણ વાંસળી વાઈ સતાવે શાને. અલ્યા ગોવિંદ. ૧
છે વશકર એનો શોર, કાળજા કોર, ચિતનો ચોર, કહું તે બાને;
તું વેરણ વાંસળી વાઇ સતાવે શાને. અલ્યા ગોવિંદ. ૨
તે મારેછે મોહબાણ, પરોવે પ્રાણ, કુરેછે તાંણ, તને મળવાને;
તું વેરણ વાંસળી વાઇ સતાવે શાને. અલ્યા ગોવિંદ. ૩
તે થકી હું બેબાકળી, બની આકળી, તજી નીકળી, મુજ ધંધાને;
તું વેરણ વાંશળી વાઈ સતાવે શાને. અલ્યા ગોવિંદ. ૪
અવળાં આભુષણ ધર્યાં, ઠામના ઠર્યા, તથા પરહર્યાં, બાળ બચ્ચાંને;
તું વેરણ વાંસળી વાઈ સતાવે શાને. અલ્યા ગોવિંદ. ૫
મેં માતા પિતાતણી, લાજ ના ગણી, ગણ્યો ના ધણી, સાસુ સસરાને;

તું વેરણુ વાંસળી વાઇ સતાવે શાને. અલ્યા ગોવિંદ. ૬
હું હવે છગનના નાથ, જોડીને હાથ, કહું તમ સાથ, પ્રેમરસ પાને;
તું વેરણુ વાંસળી પાઇ સતાવે શાને. અલ્યા ગોવિંદ. ૭

વાંસળીનો ઉત્તર ગોપીને.

(મેલોને મોહન માટલી રે, મારૂં મહી ઝલકાય—એ રાગ.)

માનોને મારૂં માનુની રે, મને દેશો માં દોશ;
ક્રોધ કરો ના કાંઇએ, હાંરે રાખો રૂદય ના રોશ. માનોને મારૂં. ૧
પુર્વેના પુન્ય પ્રતાપથીરે, કરી મોહને મેહેર;
વેરણ વણુવાંકે કહો, હાંરે શુંછે તમારે વેર. માનોને મારૂં. ૨
વનમાં વશી મેં વેઠીયાં રે, દેહે દુઃખ અપાર;
કેહેતાં કાયા કંપે ઘણી, હાંરે પણ કહુંછું આ વાર. માનોને મારૂં. ૩
શીયાળે શીત સેહેતી હતી રે, અતી ઉનાળે તાપ;
ચોમાસે વા વરસાદની, હાંરે ઝડી ઝીલી અમાપ. માનોને મારૂં. ૪
વળતી વાહાલે વાહાલી કરી રે, નારી ના ધર તું દુઃખ;
છગનનો સ્વામી શામળો, હાંરે સારૂં આપશે સૂખ. માનોને મારૂં. ૫

ગોપી કૃષ્ણને કહેછે.

(નાગર નટ રે, મીલજાવે મોહન પ્યારે—એ રાગ.)

નંદ કુંવર રે (૨) તું દાણુ માગેછે શાનું.—એ ટેક.
મને શું કરવા રોકેછે, મહી વેચ્યા વેળા વટેછે,
તે પછીથી કોણુજ લેશે, માટે પીકર રે. (૨) તું દાણુ માગે છે. ૧

એવું જાણીને તું જાવા દે, નથી સાર કરયો વિવાદે,
નથી આવ્યું હજું કાંઇ ખાદે, નંદનું ઘર રે (૨) તું દાણ માગેછે.૨
નહી લેવાશે મહી લૂંટી, મારી મોતનમાળા ટૂટી,
વળી જશે મટુકી ફુટી, આળ ના કર રે (૨) તું દાણ માગે છે ૩
મને જાતાં એકલી જાણી, શું થઇ બેઠો છું દાણી,
મારી આછી ચુંદડી તાણી, જવા દે ઘર રે (૨) તું દાણ માગે છે.૪
છોડો છોડો છબીલા કાંડું, નહીં તો હું ગાળો ભાંડું,
શું બકે છે ઘેલું ગાંડું, લાજ તો ધરરે. (૨) તું દાણ માગે છે.૫
આ સમે હું સમજી રહૂંછું, સૌ તારા દોશ સહું છું.
પણ હવે તો સત્ય કહુંછું, પાડું ખબર રે (૨) તું દાણ માગે છે.૬
આ રાજ્ય કંશનું નઠારૂં, જઇ કેહેશું દુઃખ અમારૂં,
છગનના નાથ તે સારૂં, રાખજે ડર રે. (૨) તું દાણ માગે છે.૭

કૃષ્ણ ગોપીને કેહેછે.

(રાગ ઝીંઝોટી.)

દાણ આપ, દાણ આપ, દાણ આપ રે;
દામ ગણી, ગોવાલણી, દાણ આપ રે.— એ ટેક.
કહે તારૂં નામ ઠામ, સાસુ સસરો,
કહે કામની છે કોણ, કંથ તાહરો;
કહે વળી કોણ તારાં માને બાપ રે. દામ ગણી ગોવા. ૧
નવ લક્ષ ધેન બાવા નંદને ઘરે,
ચારવા જવું છે માટે વાર ના કરે,
મુકીને રૂઠ તારો પંથ કાપ રે. દામ ગણી ગોવા. ૨

ભાર લાગશેરે તારે શીર છે મહી;
જિતશે વખત પછી ખપશે નહીં,
રાખતી નથી તું કાંઇ એ સંતાપ રે. દામ ગણી ગોવા. ૩
દોકડો હું એક ઓછો લેવાનો નથી,
પ્રીત કિધી હોત તો ના લેત હેતથી;
આપ ઝટ દાણ નહી તો ખાશે થાપ રે. દામ ગણી ગોવા. ૪
વધુ વધુ બોલીને જે વેણ તેં કહ્યાં,
તે તો મારા ચિત્ત વિશે ચોટી રે ગયાં;
આપીશ દાણ પણ એ ના છૂટે છાપ રે. દામ ગણી ગોવા. ૫
છગનનો સ્વામી હુંછું જાણ કામની,
બીક ના બતાવ તું તો કંશરાયની;
કહે તારા કંશને સહુ વિલાપ રે. દામ ગણી ગોવા. ૬

પ્રભૂનો થાળ.

(ચાલો જઇએ દરશન કરવા ડાકોરમાં ઠાકોર બીરાજે છે.-એ રાગ)
ભલે પધાર્યા પ્રીતમ પ્યારા, આજ દાસીને મંદીરે;
તમ માટે તૈયાર કરી છે, રસોઇ સઘળી રૂડી રે. ભલે પધાર્યા.-ટેક.
આભુષણ ઉતારો અંગનાં, નાવણ કરવાને કાજે,
ચાખડીઓ મુકવાને આપો, એ કૃત હરી મુજને છાજે;
બેસો કનકના બાજઠ ઉપર, હું તમ સુંદર પગ ધોઉં,
પ્રેમ ધરીને પ્રભૂ તમારા, પામરીએ પછી પગ લોઉં;
સુવાસવાળા અત્તર લઇને, ચોળું તમારા શરીરે. ભલે પધાર્યા ૧

પાનણીઆ પેહેરે પીતાંબર, હૈયામાં છે હોંશ ઘણી,
ધન્યભાગ્ય મારાં આજે છે, લ્યો ઓઢાડું ઉપરણી;
નંદલાલ તીલક કરવાને, આપું ચંદન કેસર ઘશી,
હેતે હાર ગુલાબી બાંધું, ગજરા બાંધું હાથે હશી,
બાજઠ કંચનના ઉપર બેસો, જમવાને માટે હરી રે. ભલે પધાર્યા. ૨
થાળ ભરીને લાવી છું તે, પકવાન પીરસું છોગાળા,
સેવૈયા મોતૈયા લડુ, મગદળ લાખાગુલાબ સારાં;
સેવ દળ ને વળી પેંડા પતાસા, સ્વાદ ઘણો મેસુરમાં છે,
ગગણગાંઠીઆ ગુંદવડાં ને, સુંદર સુતરફેણી રે. ભલે પધાર્યા. ૩
ગુલાબપાક છે ગુંદરપાક છે, ટોપરાપાક પણ કિધો છે,
કેશરીઆ બીરંજ ભુદરજી, ગળ્યો ને વળી મોળો છે;
શક્કરપારા શીરો સાકરનો, કંસારમાં ઘી બહુ નાંખ્યું,
બરફીચુરમુ કાઢું છે ને, વળી બીજું છુટું રાખ્યું;
દુધપાકમાં દ્રાક્ષ બદામો, ચારોળી પણ નાંખી રે. ભલે પધાર્યા. ૪
ખીર ખાંડ ને ઘીમાં રોટલીઓ, સારી રીતે મેં બોળી,
માલપુવા ને કિધી કચોરી, કરી વળી પુરણપોળી;
બાસુદી બહુ સરસ બની છે, વડાં પુરી ઘીમાં તળીઓ,
તલપાંકળી તેતો કિધી છે, શાખંડ પણ સારો કરીઓ;
બહુ ઘીથી ગળપાપડી કિધી, ખાતાં લાગે ફરશી રે. ભલે પધાર્યા. ૫
સેવો સારી મેં ઓસાવી, રાયણ રોટલી સુંદર છે,
કેળાં ને ખાંડ તે પણ જમજો, રસ રોટલી ને સાકર છે;
ફુલવડી ને પાપડ ફાફડા, તે પણ સ્વાદે ખાવાનાં,
ઢેથરાં છે દામોદરજી, ભજીઆં આળવી આદાનાં;

મઠીઆં છે વળી ચણા વધાર્યા, નાંખીને મીઠું મરી રે. ભલે પધાર્યા. ૬
ઘણી જાતનાં તમ સારૂં મેં, વળી વધાર્યા રૂડાં શાક,
સુરણ રતાળુ તથા બટાકા, ગલકાં તુરીઆં ને વંત્યાક;
વાલોળો ને ચોળા શકરીઆં, કારેલાં ને કંકોડાં,
ગવારની શીંગો દુધી ને, લીલવા ભીંડા ને ડોડાં;
મુળા મોગરીઓ છે તાંદળજો, છે મેથીની ભાજી રે. ભલે પધાર્યા. ૭
વડી નાંખી ને કઠી વધારી, ચટણી પણ કિધી સારી,
તુવેર મગ ને ચોળા અડદની, દાળ કરી છે વધારી;
પંખાળીનો ભાત કર્યા છે, અસલ અથાણું છે સ્વાદુ,
મરચાં લીંબુ કેરીનાં ચીરીઆં, કેરાં બીલાં ને આદુ;
જે જોઇએ તે માગી લેજો, જમો હરી ધીરે ધીરે. ભલે પધાર્યા. ૮
પવન ઢોળું હું પાસે બેસી, કસર કરો તો સમ મારા,
નીર્મળ જળની ભરી છે ઝારી, પીવાને પ્રાણાધારા;
જમી રહ્યા પછી કર ધોવરાવું, મુખવાસ કરવાને આપું,
તજ એળચી જાયફળ જાવંત્રી, સોપારી શેકી કાપું;
લવીંગ ચુરણ કાથાચુનાની, વાળીછે લ્યો બીડી રે. ભલે પધાર્યા. ૯
આલબેલા ઉતારૂ આરતી, આજ મુને આનંદ અતી,
ફુલડે સેજ બીછાવી તેમાં, પોઢો મારા પ્રાણપતી;
ત્રીકમ તમારા પગ હું ચાંપુ, હરખે છે મનડું મારૂં,
રજની દીવસ પાસે રેહેજો, ના ગોડે મુજને ન્યારૂં;
દાસ છગનને આપો થાળની, બહુ નામી પ્રસાદી રે; ભલે પધાર્યા. ૧૦

કવી જેસંગદાસને વિનંતી.

(મારા પાવન કરીઓ પલંગ, પ્યારા પ્રાણનાથ પધારી.–એ રાગ.)
જાણ સુજાણ જયસિંગદાસ, હૈયામાં હોંશ હું ધારૂં,
પર્મ ભ્રાત પ્યારા પ્રાણ પાસ, હૈયામાં હોંશ હું ધારૂં,
નીજ આપો આનંદે અભ્યાસ, હૈયામાં હોંશ હું ધારૂં,–એ ટેક.
જગતમાં જાહેર થયા, કાઢી કવીનું નામ;
અચળ નામ તેથી રહ્યું, તમે કિધુંછે ઉત્તમ કામ. હૈયામાં હોંશ. ૧
પોકેલા પૂરણ તમેં, બધી બાબતે ભરપૂર;
આપ કુળદીપક નિપજ્યા, તેથી હર્ષ થયો અતી ઉર.હૈયામાં હોંશ. ૨
મન મૂજ ઉપર મેળવી, જ્યારે હોય અવકાશ;
પ્રેમે વેણવૃષ્ટી કરો, મારી થવા બુધ્ધી પ્રકાશ. હૈયામાં હોંશ. ૩
તમતો છો પારસમણી, હું છું લોહ પ્રમાણ;
સ્પર્શ કરો જો લોહને, તો નવ રહે લોહએંધાણ. હૈયામાં હોંશ. ૪
તમ પ્યારા ચંદન તરૂ, મારે મન હું વેલ;
રૂદ્ધી પામીશ વળગતાં, એવું છે મને નક્કી ઠસેલ. હૈયામાં હોંશ. ૫
મૂખે માગ્યું આપીશું, જો પાડો પાર વિચાર;
કહે છગન લઘુ બંધવો, હું નહી ભૂલું ઉપકાર. હૈયામાં હોંશ. ૬

ગ્રંથ સમાપ્તી.

(દોહોરા)

પુસ્તક આ પ્રીતે રચ્યું, સાંભળજો નરનાર;
વાંચી તેને વિગતથી, સમજી લેજો સાર. ૧

જે નરનારી વાંચીને, કરશે નહી વિચાર;
તેથી લાભ મળે નહીં, સમજી લેજો સાર. ૨
આ પુસ્તકનો સાર એ, સમરો સરજનહાર;
અવસર આ રૂડો મળ્યો, સમજી લેજો સાર. ૩
લખચોરાશી દેહ છે, આ દુનિયાં મોઝાર;
તેમાં ઉત્તમ માનવી, સમજી લેજો સાર. ૪
વાચા બુદ્ધી પામીઆ, મનુષ્યને અવતાર;
બીજા દેહે છે નહી, સમજી લેજો સાર. ૫
માટે આ અવસર ભજો, સાચા જગકિરતાર;
જુઠી બાજી જગતની, સમજી લેજો સાર. ૬
સ્નેહે સમરો શ્રીહરી, મરવું છે નિરધાર;
ચેતી ચાલો ચોંપથી, સમજી લેજો સાર. ૭
સંત સમાગમ જે કરે, તે ઉતરે ભવપાર;
છગન કહે કરજોડીને, સમજી લેજો સાર. ૮

છગનકૃત કાવ્ય સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર સદ્ગૃહસ્થોનાં નામ.

પ્રત	ગ્રાહકનું નામ.	ગામ.
૧૫	પટેલ બાલમુકનદાસ કીશોરદાસ. ધી બાવળા વે ઉ. જીનીંગ કંપનીના મેનેજર.	બાવળા.
૧૦	પટેલ ચુનીલાલ રણછોડભાઇ. ધી બાવળા વે. ઉ. જીનીંગ કંપનીના સેક્રેટરી.	,,
૫	ભટ. ત્રીભોવનદાસ ઉત્તમરામ એનજીનયર. ...	દાંડોદ.
૪	દેશાઇ. નારણદાસ સુખલાલ લીમડીના. ...	ચા.વાસણા.
૩	પટેલ. મોતીલાલ મુળદાસ.	બાવળા.
૨	પટેલ. છગનલાલ લાલાજીભાઈ	,,
૨	પટેલ. કાળીદાસ બેચરદાસ.	,,
૨	પટેલ. ગોપાળદાસ ત્રીકમદાસ.	,,
૨	પટેલ. ડાહ્યાભાઇ ગોરધનદાસ.	,,
૨	દેશાઇ. હરગોવનદાસ નારણદાસ લીમડીના. ...	,,
૨	પટેલ. અમરતલાલ મોરારદાસ.	,,
૨	પટેલ. ગોરધનદાસ સાંકળદાસ.	,,
૨	લવાર. પીશા ડુંગર.	અમદાવાદ.
૨	ગોર. મગનલાલ જગજીવનરામ	અમદાવાદ.
૨	ગોર. મણીલાલ છોટાલાલ...	અમદાવાદ.
૨	પટેલ. તરભોવનદાસ ડુંગરભાઇ.	બાવળા.
૨	પારેખ. મુળચંદ રણછોડ	બાવળા.
૧	શા. લલુભાઈ કાહાનદાસ...	,,

૧	શા. નાગરદાસ વનરાવનદાસ	...	...	બાવળા.
૧	શા. અમરતલાલ ગોરધનદાસ	...	...	,,
૧	શા. કેશવલાલ કકલદાસ...	...	...	,,
૧	શા. મોતીલાલ રણછોડ ...	...	...	,,
૧	શા. અમરતલાલ દોલચંદ	...	...	,,
૧	શા. હેમચંદ તારાચંદ ...	...	...	,,
૧	શા. દલીચંદ પાનાચંદ ...	...	...	,,
૧	શા. ગલાબચંદ ડાહ્યાભાઇ....	...	...	,,
૧	શા. ઉજમશી મગનલાલ ...	...	...	,,
૧	શા. નગીનદાસ ધનજીભાઈ.	...	...	,,
૧	મેહેતા. ગીરધર મયારામ. ...	...	...	,,
૧	જોશી. મુળજી આશારામ ...	...	...	,,
૧	ઉપાધ્યા. નાગેશ્વર માહાદેવ.	...	...	દેવળીયા.
૧	જોશી. હરગોવન શંકર ...	...	...	બાવળા.
૧	મેહેતા. નાથાલાલ ભયલાલ	...	...	,,
૧	જોશી. કરશનજી પરસોતમ.	...	...	,,
૧	જોશી. હરજીવન રામનાથ.	...	...	,,
૧	દવે. મણીલાલ દુરગાશંકર.	...	...	અમદાવાદ.
૧	શુકલ. નારણ રઘનાથજી.	...	...	બાવળા.
૧	શુકલ. ભયલાલ રેવાશંકર ...	...	...	,,
૧	શુકલ. ગણપત છગન ...	...	...	,,
૧	જોશી. મોહનલાલ નથુજી. ધોળકા કસ્બાના સેકન્ડ તલાટી			,,
૧	મેહેતા. હરજીવન નારણ ...	...	...	,,

૧	જોશી. મોહન ગંગળજી. ...	...	...	બાવળા.
૧	પટેલ. ત્રીકમલાલ મોહનભાઇ	...	...	,,
૧	પટેલ નાથાભાઇ વનમાળીદાસ	...	...	,,
૧	પટેલ. હરગોવનદાસ શંભુભાઇ	...	...	,,
૧	પટેલ. અમરતલાલ વીઠલદાસ.	...	...	,,
૧	પટેલ. દામોદરદાસ કરશનદાસ.	...	...	,,
૧	પટેલ. શંકરદાસ અંબારામ	...	...	,,
૧	પટેલ. પરભુદાસ જેઠીદાસ...	...	...	,,
૧	પટેલ. કેશવલાલ શંકરદાસ	...	...	,,
૧	પટેલ. કુબેરભાઇ રણછોડભાઇ અમીન		...	,,
૧	પટેલ. કેસવલાલ જગજીવનદાસ	...	...	,,
૧	પટેલ. મોહનલાલ ત્રીભોવનદાસ	...	...	,,
૧	દેશાઇ. મણીલાલ વનમાળીદાસ	...	...	લીમડી.
૧	પટેલ. જગજીવનજીદાસ ગીરધરદાસ ...		...	બાવળા.
૧	પટેલ. નારણભાઇ નાથાલાલ	...	...	,,
૧	પટેલ. નારણદાસ ગીરધરદાસ	...	...	,,
૧	પટેલ. છગનલાલ ગોપાળદાસ	...	...	,,
૧	પટેલ. પરસોતમ સામળદાસ	...	...	,,
૧	પટેલ. સાંકળચંદ મુળજીદાસ.	...	...	,,
૧	પટેલ. પરભુદાસ બેચરદાસ સીલીકદાર.		...	,,
૧	પટેલ. મગનલાલ રવીચંદ.	...	...	અમદાવાદ.
૧	પટેલ. અમરતલાલ પેલાદદાસ.	...	...	બાવળા.
૧	પટેલ. અંબારામ કાળીદાસ.	...	...	,,

૧	પટેલ. પીતાંબર જીવીદાસ.	...	...	બાવળા.
૧	પટેલ. પરસોતમદાસ મુળજીદાસ.	...	...	,,
૧	પટેલ. વીઠલદાસ મોતીલાલ સરખેદી.		....	,,
૧	પટેલ. ડાહ્યાભાઇ મોહનલાલ સરખેદી.		...	,,
૧	પટેલ શંકરદાસ કાશીદાસ સરખેદી.		...	,,
૧	ઠકર. રાઘવજી જગજીવન. ...	...	...	,,
૧	ઠકર. પીતાંબર નારણુ. ...	...	...	,,
૧	ઠકર. પોચા પુંજા. ...	...	...	મછીઆવ.
૧	ઠકર. બેચર ભગવાન. ...	...	...	હશનગર.
૧	ઠકર. પીતાંબર રણછોડ. ...	...	...	બાવળા.
૧	સુતાર. જેશંગ ગણેશ. ...	...	...	,,
૧	સુતાર. ડુંગર હીરા. ...	...	...	ધોલેરા.
૧	રાઠોડ. કાના રામસંગ ...	...	...	બાવળા.
૧	વાઘેલા. બનેસંગ ખેંગારજી કાવીઠીઆ.		...	ગાંગડ.
૧	રાત. મંગળ ભુદર. ...	...	...	બાવળા.